કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૮ માર્ચ, ૨૦૨૫ શુક્રવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી :-
90990 79304, 9638560091
હોથીના ઘરની સામે, છડ ફરિયો, નલિયા, તાલુકા અબડાસા - કચ્છ

◆અંક નંબર : ૨૫૮◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ ફાગણ વદ - ૧૪ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## બનાસકાંઠા-કચ્છમાં બીએડીપી અમલીકરણમાં ત્રુટીઓ

# ગૃહમાં કેગના અહેવાલમાં કચ્છ મુદ્દે ખુલાસો

**સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમના અમલીકરણમાં કેગના અહેવાલમાં અનેક ત્રુટિઓ બહાર આવી : કચ્છ -બનાસકાંઠા જિલ્લામાં ન તો ગામની સંતૃપ્તિ વ્યાખ્યાયિત કરવામાં આવી અને ન તો કોઈ ગામને સંતૃપ્ત જાહેર કરવામાં આવ્યા**

**રાજ્ય સરકારના દેવા અંગે મોટો ઘટસ્ફોટ : ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજ્ય સરકારનું દેવુ. ૩.૮૫ લાખ ક્રોડે પહોંચ્યુ : જાહેર દેવામાં ૧૪ હજાર ક્રોડનો વધારો :જાહેર દેવા વ્યાજ ખર્ચની રકમ ૨૪ હજાર ક્રોડને પરા : રાજ્ય સરકારનુ મુડી ખર્ચ ૪.૩૫ લાખ ક્રોડ દર્શાવાયું**

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજૂ કરવામાં આવેલા કેગના અહેવાલમાં સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ ના અમલીકરણમાં અનેક ત્રૂટીઓ બહાર આવી છે. જેમાં સરહદી કચ્છ બનાસકાંઠા જિલ્લામાં ન તો ગામની સંતૃપ્તિ વ્યાખ્યાયિત કરવામાં આવી છે ન તો કોઈ પણ ગામને સંતૃપ્ત જાહેર કરવામાં આવ્યું. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજુ કરવામાં આવેલા કેગના અહેવાલમાં સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમના રાજ્યના સરહદી જિલ્લાઓમાં અમલીકરણ અંગે કેગે તેના અહેવાલમાં નોંધ્યું છે કે સરહદી જિલ્લાના ગામોની સંતૃપ્ત ગામ માટેની વ્યાખ્યા નિયત કરવામાં આવી નથી જે ખૂબ જ ગંભીર છે. કેગના અહેવાલમાં જણાવ્યું છે કે સરદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ ૧૯૯૩-૯૪ ના ૧૦૦% કેન્દ્રીય પ્રાયોજિત યોજના તરીકે રજૂ કરવામાં આવ્યો હતો જેનો અમલ કેન્દ્ર સરકારના ગૃહ

અનુસંધાન પાના નં.૪ પર

## કેગ મુદ્દે રાજ્ય સરકાર પર વિપક્ષનો પ્રહાર

**ગુજરાત સરકાર સત્રના અંતિમ દિવસે જ કેમ રજુ કરે છે કેગનો અહેવાલ**

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાનું હાલમાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. આજ રોજ આ બજેટ સત્રનો અંતિમ દીવસ છે. બજેટમં વિવિધ વિષયો પણ છણાવટ કરવામા આવી હતી. દરમ્યાન જ આજ રોજ ગુજરાત સરકાર દ્વારા બજેટ સત્રના અંતીમ દીને ગૃહમાં કેગનો રીપોર્ટ પેશ કરવામા આવ્યો છે તે પહેલા જ કોંગ્રેસ-વિપક્ષ દ્વારા સરકારને આડે હાથ લેવામા આવ્યા હોય તેવી રીતે આક્ષેપો કરવામાં આવ્યા છે. આજ રોજ ગૃહની કાર્યવાહી શરૂ થતા પહેલા વીપક્ષ નેતાઓ દ્વારા સરકારને આડેહાથ લઈ અને કહ્યુ હતુ કે, કેગનો અહેવાલ સરકાર કેમ ગૃહના બજેટસત્રના છેલ્લા દીવસે જ રજુ કરવામા આવે છે? તેના પાછળનું કારણ શું છે? લોકોને સરકારના ગેરવહીવટની જાણ ન થાય એ માટે કેગનો અહેવાલ છેલ્લા દીવસે જ રજુ કરવામા અવે છે. આ અહેવાલ છેલ્લા દીવસે રજુ થાય એટલે ધારાસભ્યો તેનાથી અવગત ન હોય અને તેના પર કોઈ જ વિષય પર ચર્ચા કરી શકે નહી.કોગી નેતાઓ દ્વારા સરકાર પર વધુ આક્ષેપો કરતા આ તબક્કે કહ્યુ છે કે, સરકાર પોતાનો ભ્રષ્ટાચાર, ગેરવહીવટ અને કૌભાંડો છુપાવવા માટે કેગનો રીપોર્ટ છેલ્લા દીવસે રજુ કરવામા આવે છે. લોકોને સરકારના ગેરવહીવટની ખબર ન પડે તે માટે જ સરકાર આવી રીતે છેલ્લા દીવસે કેગનો અહેવાલ રજુ કરે છે. કોણ જવાબદાર છે, કોણ ભ્રષ્ટાચાર આચરે છે, કોણ પ્રજાના પૈસાનો ધુંવાડો કેવી રીતે કરે છે, તે કોઈ જ વાત બહાર ન આવી જાય તે માટે સરકાર છેલ્લા દીવસે કેગનો અહેવાલ રજુ કરતી હોય તેમ દર્શાય છે. સરકારની નિષ્ફળતા છુપાવવાનો કારસો જ દેખાઈ રહ્યો છે. જો પહેલા દીવસે સરકાર કેગનો અહેવાલ રજુ કરે તો ધારાસભ્યો અભયાસ કરી અને તેના પર ચર્ચા કરી અને પ્રજાના પૈસાના ગેરવહીવટને ખુલ્લો પાડી શકે તેમ હોય છે.

## વિદેશમાં મમતાનો વિરોધ : લાગ્યા 'ગો બેક'નાં નારા

**ઓક્સફોર્ડ યુનિવર્સિટી ખાતે પ્રવચન દરમ્યાન હોબાળોઃ વિદ્યાર્થીઓએ કરી નારેબાજીઃ પુછયાતીખા સવાલો જો કે મમતા પણ વિફર્યાઃ 'જુકેગા નહી'નું વલણઃ મારૂ નહી તમારી સંસ્થાનું અપમાન કરો છોઃ વળતો પ્રહાર**

લંડન : ઓક્સફર્ડ યુનિવર્સિટીના કેલોગ કોલેજમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભાષણ દરમિયાન ભારે હોબાળો થયો. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વિદ્યાર્થી નેતાઓએ ગો બેકના નારા લગાવ્યા અને આર.જી. કર મેડિકલ કોલેજને લગતા મુદ્દાઓ પર સવાલો કર્યા. વિદ્યાર્થીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલોના જવાબમાં મમતા બેનર્જીએ કહ્યું, આ મામલો કોર્ટમાં છે, આ મામલો કેન્દ્ર સરકાર પાસે છે. અહીં રાજકારણ ન કરો, આ પ્લેટફોર્મ રાજકારણ માટે નથી. તમે જુઠ્ઠું બોલી રહ્યા છો, આને રાજકીય પ્લેટફોર્મ ન બનાવો. તમે બંગાળ જાઓ અને તમારા પક્ષને વધુ મજબૂત બનાવો. દરમિયાન, મમતા બેનર્જીએ ભીડને એક ફોટો બતાવ્યો અને કહ્યું કે તમે મારી આ તસવીર જુઓ, મને કેવી રીતે મારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જ્યારે મમતા બેનર્જીએ દાવો કર્યો કે બંગાળને લાખો કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો મળ્યા છે, ત્યારે એક દર્શકે તેમને ચોક્કસ રોકાણોના નામ આપવા કહ્યું. આના પર, મમતાએ જવાબ આપ્યો, ઘણા બધા છે... એ પહેલા કે તેઓ વધુ વિગતવાર વાત કરે, અન્ય લોકોએ તે વ્યક્તિને ચૂપ રહેવા કહી દીધું કે આ કોઈ પ્રેસ કોન્ફરન્સ નથી.



મમતા બેનર્જીએ કહ્યું કે તેમને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરવાની તક આપવી જોઈએ. તેમણે કહ્યું, મને બોલવા દો. તમે મારું નહીં, પણ તમારી સંસ્થાનું અપમાન કરી રહ્યા છો. હું જ્યાં પણ જાઉં છું ત્યાં આ લોકો આવું જ કરે છે. હું દરેક ધર્મનું સમર્થન કરું છું. હું હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ બધાનું સન્માન કરું છું. ફક્ત એક જ જાતિનું નામ ન લો, બધાનું નામ લો. તમે લોકો જે કરી રહ્યા છો થયેલા બળાત્કાર

અનુસંધાન પાના નં.૪ પર

## ખેડુતો પ્રત્યે સીએમની સંવેદનાના દર્શન

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના સુચારું ઉપયોગથી પ્રજાજનોની સમસ્યા-રજૂઆતોના નિવારણ 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત માર્ચ-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને વિવિધ રજૂઆતો સાંભળી હતી. મુખ્યમંત્રીએ સ્વાગતમાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી અને લાંબા સમયથી બાકી પ્રશ્નોનું નિવારણ ત્વરિત અને નિશ્ચિત સમયમર્યાદામાં લાવી દેવાના સ્પષ્ટ દિશા નિર્દેશો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા. મુખ્યમંત્રીએ



**મુખ્યમંત્રી એ 'સ્વાગત' માં રજૂ થતાં ખેડૂતોના પ્રશ્નો અને લાંબાસમયથી બાકી પ્રશ્નોનું નિશ્ચિત સમયમર્યાદામાં નિરાકરણ માટે સ્પષ્ટ દિશા-નિર્દેશો આપ્યાં : ગાંધીનગરમાં રાજ્ય સ્વાગતમાં મળેલી ૧૩૧ જેટલી રજૂઆતો સંદર્ભે સંબંધિત કક્ષાએ નિવારણ માટે માર્ગદર્શન-સૂચનાઓ આપી**

કહ્યું કે, હવે લોકોમાં જાગૃતિ વધી છે અને વ્યક્તિગત સાથોસાથ જાહેરહિતને લગતા પ્રશ્નો પણ સ્વાગતમાં આવતા થયા છે. તેમણે આ સંદર્ભમાં સંબંધિત તંત્રવાહકોને પણ આવા પ્રશ્નોના નિવારણ માટે પ્રો-એક્ટિવ અભિગમ

અનુસંધાન પાના નં.૪ પર

## દેશમાં માર્ગ અકસ્માત ઘટાડવા કેન્દ્રનો પ્લાન : ગડકરી

**હવે બદલાઇ જશે રસ્તાઓની સૂરત! કરોડોના ખર્ચે ભારતમાં બનશે ૨૫૦૦૦ કિમીના ફોરલેન હાઇવે**

નવી દીલ્હી : કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે દેશમાં ૨૫,૦૦૦ કિલોમીટરના બે-લેન હાઈવેને ચાર-લેનમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૧૦ લાખ કરોડ રૂપિયા થશે. આનાથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો થવાની અપેક્ષા છે. ગડકરીએ ગુરુવારે લોકસભામાં આ માહિતી આપી.

આ ઉપરાંત, ૧૬,૦૦૦ કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગોને છ લેનમાં રૂપ



ાંતરિત કરવાની યોજના છે અને આ માટે ૬ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે અમે આ કામ બે વર્ષમાં પૂર્ણ કરવાની યોજના બનાવી રહ્યા છીએ.ગડકરીએ કહ્યું કે ભારતમાં દર વર્ષે ૪,૮૦,૦૦૦ માર્ગ અકસ્માતો થાય છે. આમાંથી, ૧૮ થી ૪૫ વર્ષની વયના ૧,૮૮,૦૦૦ લોકો જીવ ગુમાવે છે. સરકારનો ધ્યેય ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો છે. તેમણે કહ્યું કે મોદી સરકારે જમ્મુ અને કાશ્મીર, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને પર્વતીય વિસ્તારોમાં હાઈવે વિકાસને પ્રાથમિકતા આપી છે.જમ્મુ અને કાશ્મીરમાં ૨ લાખ કરોડ રૂપિયાના ખર્ચે રસ્તા બનાવવાનું કામ ચાલી રહ્યું છે, જેમાં ૧૦૫ ટનલ બનાવવામાં આવી રહી છે. તેમણે ઝોજીલા ટનલના નિર્માણ વિશે માહિતી આપી, જે એશિયામાં સૌથી લાંબી હશે અને શૂન્યથી નીચે તાપમાન ધરાવતા પ્રદેશમાં સ્થિત હશે. તેમણે કહ્યું કે તેની કિંમતનો

અનુસંધાન પાના નં.૪ પર

## પુતિનની ભારત મુલાકાત પૂર્વે ચીનને રેલો : ભારત સાથે સરહદી વિવાદ ઉકેલવા સંમત

બીજિંગ : સંયોગ કહો કે ભારત અને રશિયા વચ્ચે વધતી જતી મિત્રતાનો વ્યૂહાત્મક ઉપયોગ પુતિનની ભારત મુલાકાતની તારીખ નક્કી થાય તે પહેલા જ ચીન ભારત સાથેના સરહદી વિવાદોને ઉકેલવા માટે સંમત થઈ ગયું છે. સંરક્ષણ નિષ્ણાતો ચીનને ભારતની નજીક લાવવામાં રશિયન પ્રમુખ પુતિનની ભૂમિકાને મહત્વપૂર્ણ માને છે.

ટ્રમ્પ અમેરિકામાં પ્રમુખ બન્યા પછી ઝડપથી



બદલાતા વૈશ્વિક ભૌગોલિક રાજકીય સંજોગો વચ્ચે સત્તા સંતુલિત કરવાની આ ચીનની પોતાની મજબૂરી પણ હોઈ શકે છે. આવી સ્થિતિમાં ચીન ભારત સાથે સહયોગ કરે તે વધુ સારું છે. વૈશ્વિક સંજોગો વચ્ચે ચીનની આર્મી પીપલ્સ લિબરેશન આર્મી એ કહ્યું કે, તે મજબૂત અને સ્થિર સંરક્ષણ સંબંધોની સાથે સરહદ મુદ્દાના ન્યાયી અને ન્યાયપૂર્ણ ઉકેલને લાગુ કરવા માટે ભારતીય સેના સાથે કામ કરવા માટે તૈયાર છે.ચીનના રાષ્ટ્રીય સંરક્ષણ પ્રવક્તા વરિષ્ઠ કર્નલ વુ ક્વિઆને પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરથી સૈનિકો પાછા ખેંચવા અને ફોલો-અપ પ્રક્રિયા અંગેના પ્રશ્નના જવાબમાં આ ટિપ્પણી કરી હતી. વુએ પત્રકારોને

અનુસંધાન પાના નં.૪ પર

## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની જાહેરાતનું કાઉન્ટટાઉન

**પ્રો. ભુપેન્દ્ર યાદવ - નિર્મલા સીતારામનના નામે ચર્ચામાં : તા.૪ પછી ગમે તે સમયે જાહેરાતની શક્યતા**

નવી દિલ્હીઃ કેન્દ્રના શાસક ભાજપ માટે કદાચ ૨૦૨૩થી શરૂ થયેલા સંગઠન નવરચનામાં બે બે વર્ષ સુધી રાષ્ટ્રીય પ્રમુખને એકસ્ટેન્શન મળ્યુ હોય તેવી પ્રથમ ઘટના છે અને હાલમાં જ રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘની બેંગલુરુ ખાતેની પ્રતિનિધિ સભાની બેઠક પુરી થયા બાદ હવે તા.૩૦ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમની નાગપુર મુલાકાત દરમ્યાન આરએસએસના વડામથકે જશે.



તે સમયે સંઘ વડા સાથે વન-ટુ-વન બેઠકમાં કોઈ નામ પર સંમતી સર્જાય તેવી ધારણા નકારાતી નથી અને તા.૪ એપ્રિલની આસપાસ ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની જાહેરાત થઈ શકે છે. તા.૧૮થી૨૦ એપ્રિલમાં બેંગલુરુમાં ભાજપ ની નેશનલ એકઝીક્યુટીવ કાઉન્સીલની બેઠક છે.

નવા પ્રમુખને તે પુર્વે તેમના ચાર્જ અંગે પુરતો સમય મળી રહે તેવી ધારણા છે. જો કે ભાજપના નવા પ્રમુખના નામમાં ભુપેન્દ્ર યાદવનું નામ સૌથી આગળ છે. તેઓ સંગઠનના ખૂબજ અનુભવી છે અને તેથી તેવાને પક્ષનું સુકાન સોંપીને ભાજપ મોવડીમંડળ ચિંતામુક્ત થઈ શકે છે. ઉપરાંત તેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમીત શાહના ખાસ વિશ્વાસુ છે અને આરએસએસ

સાથે પણ તેમનું કુટુંબ લાંબા સમયથી સંકળાયેલ છે. જો કે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથનું નામ પણ ચર્ચામાં છે. ભાજપના એક સુત્રના જણાવ્યા મુજબ જે રીતે યુપીમાં ૨૦૧૭માં ધારાસભા ચૂંટણી આવી રહી છે તેથી યોગીને કેટલા ડિસ્ટર્બ કરવા તે પ્રશ્ન છે.

વધુ એક નાયબ નાણામંત્રી નિર્મલા સીતારામન પણ છે તેઓ મહિલા અને દક્ષિણના છે અને તે રીતે ડીએમકે સામેનો મોરચો તેઓને ભાજપે સોંપ્યો છે તે પછી તેઓ સાઉથમાં ભાજપની 'તક' આપવામાં આવે તો આશ્ચર્ય થશે નહી.

## કોંગી સાંસદને સુપ્રીમકોર્ટમાંથી મોટી રાહત

**અભિવ્યકિતની સ્વતંત્રતાના કસમાં ઈમરાન પ્રતાપગઢીને મળી રાહત : ગુજરાત હાઈકોર્ટે અરજી ફગાવી હતી**

કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. ઈમરાન વિરુદ્ધ તેની કવિતા માટે ગુજરાતમાં નોંધાયેલ ફ્રૈંઇ કેસમાં રાહત આપતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, "કવિતા, કલા અને વ્યંગ જીવનને સમૃદ્ધ બનાવે છે. સમાજ માટે અભિવ્યક્તિની સ્વતંત્રતા જરૂરી છે. પોલીસે અભિવ્યક્તિની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી જોઈએ."સુપ્રીમ કોર્ટે કહ્યું કે



મજબૂત, મક્કમ સમજ ધરાવતા લોકોના ધોરણોનો ઉપયોગ કરવો જોઈએ. જેઓ નબળા છે અને દરેક વસ્તુને ધમકી કે ટીકા તરીકે જુએ છે તેમના ધોરણો નહીં. જો પોલીસ મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવામાં નિષ્ફળ જાય તો અદાલતોની ફરજ છે કે તે દરમિયાનગીરી કરે અને અધિકારોનું રક્ષણ કરે. વિચારોનું સન્માન અને રક્ષણ કરવું જોઈએ. વિચારો અને વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે.સુપ્રીમ કોર્ટે જસ્ટિસ અભય એસ ઓકની આગેવાની હેઠળની બેન્ચ દ્વારા ગુજરાતના જામનગરમાં ઈમરાન પ્રતાપગઢી સામે દાખલ કરાયેલા કેસને રદ કર્યો છે.

**તિકડમ !**
– દેવેન વ્યાસ




## નેપાળમાં રાજાશાહી માટે ગૃહયુદ્ધની ભીતિ, સરકારને એક સપ્તાહનું અલ્ટીમેટમ

નવી દિલ્હીઃ નેપાળમાં અત્યાર સુધી શાંતિપૂર્ણ આદોલન ચલાવી રહેલા રાજાશાહી સમર્થક સંગઠનોએ ધીમે ધીમે પોતાના તેવર આક્રમક બનાવ્યા છે અને હવે સરકારને એક અઠવાડિયાનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમનું કહેવું છે કે જો સરકાર તેમની સાથે સમાધાન નહીં કરે તો આંદોલન વધુ તીવ્ર બનશે, જો આમ થયું તો નેપાળમાં ગૃહયુદ્ધ ફાટી નીકળે તો નવાઈ નહી. નેપાળમાં રાજાશાહીની માંગણી કરતું આંદોલન દિવસેને દિવસે વધુ મજબૂત બની રહ્યું છે. રાજાશાહીનું સમર્થન કરતી સંસ્થાઓએ સરકારને એક અઠવાડિયાનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમનું કહેવું છે કે જો એક અઠવાડિયામાં કોઈ સમજૂતી નહીં થાય તો તેઓ આંદોલનને વધુ તીવ્ર બનાવશે. સંયુક્ત જન આંદોલન સમિતિએ કહ્યું છે કે તેઓ શુક્રવારે ત્રિભુવન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પાસે એક રેલી કરશે. સંગઠનના પ્રવક્તા નબરાજ સુબેદીએ જણાવ્યું હતું કે તેમણે તમામ લોકશાહી પક્ષો અને સરકારને એક અઠવાડિયાનો સમય આપ્યો છે. તેમણે કહ્યું કે તેમનું આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે.

## રિઝર્વ બેંક એપ્રિલમાં વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરશેઃ ઈન્ડિયા રેટિંગ્સ

નવી દિલ્હી : ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચે ગુરુવારે કહ્યું હતું કે રિઝર્વ બેંકએપ્રિલ મહિનામાં યોજાનારી મોનિટરી પોલિસી કમિટીની મીટિંગમાં વ્યાજદરમાં ૦.૨૫ ટકા ઘટાડો કરશે તેવી શક્યતા છે. નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વ્યાજદરમાં કુલ ૦.૭૫ ટકાનો ઘટાડો થશે. તેણે એમ પણ કહ્યું છે કે જો અમેરિકન રેસિપ્રોકલ ટેરિફની અસર વધારે વ્યાપક રહેશે તો વધુ વ્યાજદર પણ ઘટી શકે છે.આરબીઆઈની એમપીસીની આગામી મીટિંગ ૭-૯ એપ્રિલ દરમિયાન મળશે. આ પ્રથમ મીટિંગમાં વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરશે તેમ રેટિંગ એજન્સીએ કહ્યું છે. સમગ્ર વર્ષ ૨૦૨૫-૨૬માં ત્રણ વાર વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો થશે તેવો તેનો અંદાજ છે .ફેબ્રુઆરી-૨૦૨૫માં ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયો તે મળીને કુલ માર્ચ-૨૦૨૬ના અંત સુધીમાં રેપો રેટમાં ૧૦૦ બેસીસ પોઈન્ટનો ઘટાડો થશે અને રેપો રેટ ઘટીને ૫.૫ ટકા થશે તથા સરેરાશ રિટેલ ફુગાવાનો દર ૪ ટકા થશે. આ રીતે રિયલ રેપો રેટ ૧.૫ ટકા થશે તેમ તેણે કહ્યું હતું.

રેટિંગ એજન્સીના મતે ચાલુ વર્ષે સરેરાશ રિટેલ ફુગાવાનો દર ૪.૭ ટકા રહેશે તેવો અંદાજ છે અને માર્ચ ક્વાર્ટરમાં સરેરાશ ૪ ટકા રહેશે તેવો અંદાજ છે. જો આમ થશે તો ૨૧ ક્વાર્ટર પછી ત્રિમાસિક ધોરણે રિટેલ

અનુસંધાન પાના નં.૪ પર

## ડીપોર્ટ કરાયેલા શીખોને પાઘડી ઉતારવા અમે સૂચના આપી ન હોતીઃ અમેરિકા

નવી દિલ્હી : ગત મહિને અમેરિકાએ ત્રણ મિલિટરી ફલાઈટમાં ભારતીયોને ડિપોર્ટ કર્યા હતા. ડીપોર્ટની પ્રક્રિયા દરમિયાન અમેરિકાએ ભારતીયો સાથે ક્રૂરતા આચરી હોવાના આક્ષેપો થયા હતા અને આ મામલે નિષ્ક્રિયતા બદલ કેન્દ્ર સરકારની પણ ટીકા થઈ હતી. કેન્દ્ર સરકારે આ મામલે અમેરિકા સમક્ષ વાંધો ઊઠાવ્યો હતો, જેના પગલે અમેરિકાએ ખુલાસો કર્યો હતો કે, કોઈ ભારતીયને તેમના માથા પરથી ધાર્મિક ચિહ્ન હટાવવા સૂચના અપાઈ ન હોતી.અમેરિકાએ ભારતીયોને આપેલા ભોજન તથા ધાર્મિક અસહિષ્ણુતા બદલ દેશભરમાં પ્રસરેલા નારાજગીના માહોલ સંદર્ભે રાજ્યકક્ષાના વિદેશમંત્રી કિર્તિ વરધાનસિંઘે રાજ્યસભામાં જણાવ્યું હતું કે, અમેરિકાએ શીખોને પાઘડી ઉતારવા અને મહિલા-બાળકોને બેડીઓમાં જકડીને ભારત ડીપોર્ટ કર્યા હોવાના અહેવાલો ચિંતાજનક હતા. અમેરિકાએ આ બાબતે ખુલાસો કર્યો હતો કે, ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીએ ભારત પહોંચેલી ડીપોર્ટેશન ફલાઈટમાં કોઈ બાળક કે મહિલાને સાંકળથી બાંધવામાં આવ્યા ન હતા.

# કેગના અહેવાલમાં રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ યોજના ના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા સામે લાલઆંખ કરી

## અનેકવિધ ત્રુટિઓને લઈ સરકારને વહીવટી કામગીરીમાં સુધારા કરવા નિર્દેશો આપ્યા

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજૂ કરવામાં આવેલા કેગના અહેવાલમાં રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ ના આમલીકરણમાં રહેલી ગંભીર ત્રુટિઓ અંગે કેગે લાલઆંખ કરી છે. કેગ ના અહેવાલમાં જણાવવાનું છે કે રાજ્ય સરકારે એનએસએપી ના પાત્રતા ધરાવતા લાભાર્થીઓ માટે કોઈપણ ડેટાબેઝ નિભાવ્યો ન હતો જેના પરિણામે રાજ્યના એનએસએપી માંગ આધારિત પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી હતી જ્યાં માત્ર એવા જ લાભાર્થીઓને લાભ પુરા પાડવામાં આવ્યા હતા કે જેઓ કાર્યક્રમથી માહિતગાર હતા અને જેમણે સહાય માટે અરજી કરી હતી.કેગે તેના અહેવાલમાં નોંધ્યું હતું કે બે જિલ્લાઓમાં આઈજીએન્ડડબલ્યુપીસ ના ૭૭૪ ગરીબ અને વિધવા લાભાર્થીઓને એનએફડીએસ માંથી બાકાત રાખવામાં આવ્યા હતા જેના પરિણામે તેઓ વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૦ દરમિયાન કુલ ખર્ચ રૂ ૧.૫૫ કરોડના લાભ થી વંચિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે રજૂ કરવામાં આવેલા કેગના અહેવાલમાં રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમના અમલીકરણ અંગેનો જે અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે તેમાં આ યોજના ના અમલીકરણમાં ગંભીર પ્રકારની બેદરકારી બહાર આવી છે.

કેગે નોંધ્યું છે કે રાજ્ય સરકારે એનએસએપી હેઠળ સામાજિક સહાય કાર્યક્રમ માટે પાત્રતા ધરાવતા વર્તમાન લાભાર્થીઓની પાત્રતાની ખાતરી કરવા વાર્ષિક ચકાસણી હાથ ધરવા માટે વિશેષ ચકાસણી ટીમ ની રચના કરી ન હતી. આમ રાજ્યના ૧૦૭૨ લાભાર્થીઓને (મૃત્યુ ગરીબી રેખા માટેની નિયત મર્યાદા પાર કરી લેવી જેવા પરિબળોને કારણે) દૂર કરવામાં આવ્યા હોવા છતાં આ લાભાર્થીઓને પેન્શન મળવાનું ચાલુ રહ્યું દરમિયાન દૂર કરવામાં આવેલા આ લાભાર્થીઓને કુલ રૂ ૩૨.૬૦ લાખનું ચુકવણું કરવામાં આવ્યું હતું.

કેગે ભલામણ કરી છે કે લાયક લાભાર્થીઓ કાર્યક્રમમાંથી બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે રાજ્યમાં એન એસ એ પી માટે પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો કેન્દ્રીય અને સર્વગ્રાહી ડેટાબેઝ તૈયાર કરવો જોઈએ વધુમાં સંભવિત લાભાર્થીઓને એનએસએપી કાર્યક્રમની ઉપલબ્ધતા તેની પાત્રતા માપદંડોની જાણકારી આપવા તેમની બોહળી ભાગીદારી અને કાર્યક્રમના જાગૃતિ અભિયાનો ચલાવવા જોઈએ.

ડીબીટી દ્વારા એનએસએપી અમલીકરણમાં કેટલીક ખામીઓ ઉજાગર થઈ લાભાર્થીઓને પેન્શન અને નિર્ધારિત અસરકારક તારીખ બાદ ૧ થી લઈને ૩૮ મહિનાના વિલંબથી ચુકવણી થઈ હતી જેને પરિણામે લાભાર્થીઓને વર્ષ ૨૦૧૭-૨૧ દરમ્યાન રૂ ૧.૮૧ કરોડનું નુકસાન થયું હતું વર્ષ ૨૦૧૭-૨૦૨૧ દરમ્યાન અમલીકરણ એજન્સીઓ દ્વારા નિષ્ફળ વ્યવહારો માટે અનુવર્તી પગલાઓના અભાવે ૪૯૭૪ લાભાર્થીઓનું એક થી લઈને ૨૪ મહિના સુધીમાં ૧.૫૭ કરોડનું પેન્શન રોકવામાં આવ્યું હતું. લાભાર્થીઓના ખામીયુક્ત સ્થાનાંતર ને લઈ ૩૮૦ લાભાર્થીઓને રૂ ૨૫.૦૪ લાખની રકમના પેન્શન નું નુકસાન થયું હતું.

કેગે ભલામણ કરી છે કે ખાતાઓને સક્રિય રાખવા માટે રાજ્ય સરકારે લાભાર્થીઓના ખાતાની માહિતી જાળવવા તથા ચકાસવા માટે લાભાર્થીઓને અમલીકરણ એજન્સીઓ વચ્ચે સંપર્ક વધારવા માટે પ્રક્રિયાઓ અમલમાં મૂકવી જોઈએ.

# ગુજરાતના શહેરી વિકાસ ખાતા સામે ભ્રષ્ટાચારની કુલ ૨૧૭૦ ફરિયાદો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાત સરકારના શહેરી વિકાસ ખાતા સામે ૨૦૨૩ના કેલેન્ડર વર્ષમાં ભ્રષ્ટાચારની સૌથી વધુ ૨૧૭૦ ફરિયાદો નોંધાઈ હોવાનું તકેદારી આયોગે આજે ગુજરાત વિધાનસભામાં રજૂ કરેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ફરિયાદની સંખ્યાની બાબતમાં શહેરી વિકાસ ખાતા પછીના ક્રમે ૧૮૪૯ ફરિયાદ મહેસૂલ વિભાગ બીજા અને ૧૪૧૮ અરજીઓ સાથે પંચાયત અને ગૃહ નિર્માણ વિભાગ ત્રીજા ક્રમે છે. ગુજરાતના ગૃહ વિભાગ સામે ૧૨૪૧ ફરિયાદો થયેલી છે. ગૃહ વિભાગ સામેની ફરિયાદોની સંખ્યાને ધોરણે કરપ્શનની ફરિયાદમાં તે પાંચમાં ક્રમે છે. જ્યારે શિક્ષણ વિભાગ ૫૯૬ ફરિયાદ સાથે છઠ્ઠા ક્રમે છે. શહેરપ્રમાણે ફરિયાદોની સંખ્યાને આધારે સુરતમાં સૌથી વધુ, ત્યારબાદ અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર અને વડોદરાનો ક્રમ આવે છે.ગુજરાતના બોર્ડ અને નિગમ પણ કરપ્શનની બાબતમાં પાછળ રહી જાય તેવા નથી. ગુજરાતના બોર્ડ નિગમ સામે ભ્રષ્ટાચારની ૪૮૫ ફરિયાદો થઈ છે. તેમાં સૌથી વધુ ૧૦૧ ફરિયાદ પાણી પુરવઠા બોર્ડ સામે થઈ છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની સામે ૯૭, સરકાર સરોવર નર્મદા નિગમ સામે બાવન ફરિયાદો અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સામે ૪૦ ફરિયાદો થયેલી છે.

# સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનના અસરકારક અમલીકરણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં સ્ટીયરિંગ કમિટીની રચના

## સ્ટીયરિંગ કમિટીમાં પાંચ મંત્રીઓ તેમજ એક્ઝિક્યુટિવ કમિટિના ચેરમેન તરીકે મુખ્ય સચિવ

ગાંધીનગરઃ પહેલું સુખ તે જાતે નર્યા' એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે નાગરિકોમાં જાગૃતિ આવે અને સ્વસ્થતાનો આ વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સમગ્ર ગુજરાતમાં ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન' હાથ ધરવામાં આવ્યું છે. સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાનની ઉજવણી અને સમગ્ર કાર્યક્રમના અસરકારક આયોજન માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સ્ટીયરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. આ અભિયાનની અસરકારક અમલીકરણ માટે બનાવેલી સ્ટિયરિંગ કમિટીમાં પાંચ મંત્રીશ્રીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોર, સામાજિક અને ન્યાય અધિકારિતા મંત્રી સુશ્રી ભાનુબેન બાબરિયા, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગુજરાતના મુખ્ય સચિવ પંકજ જોષીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગુજરાત સરકારના વિવિધ ૧૧ જેટલા વિભાગના ઉચ્ચ સનદી અધિકારીનો સમાવેશ કરાયો છે. વર્ષ દરમિયાન આ અધિકારીઓએ પોતાના વિભાગ સાથે સંકલન કરીને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમો કરવાના રહેશે. આ ૧૧ વિભાગમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ; ગૃહ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ; પ્રવાસન; માહિતી અને પ્રસારણ; સામાન્ય વહીવટ વિભાગ; શિક્ષણ; આરોગ્ય અને પરિવાર કલ્યાણ; ઉદ્યોગ અને ખાણ; મહિલા અને બાળ વિકાસ તેમજ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો સમાવેશ થાય છે તેમ સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવાયું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી 'ઓબેસિટી મુક્તિ' માટેની રાષ્ટ્રવ્યાપી પહેલ એ વર્તમાન સમયની જરૂરિયાત છે. આ અભિયાનનું મહત્ત્વ સમજી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે 'સ્વસ્થ ગુજરાત - મેદસ્વિતા મુક્ત ગુજરાત'ની નેમ વ્યક્ત કરી હતી. જેમાં આવનારા વર્ષમાં રાજ્ય સરકાર ઓબેસિટી સામે લડવાના અભિયાનને વધુ વેગ અપાશે. મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં રાજ્યના દરેક નાગરિક, પ્રત્યેક પરિવાર અને સંસ્થાઓ પોતાનું યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે તે જરૂરી છે.

# પહેલા પાનાથી...

### ગૃહમાં કેગના

મંત્રાલયના સરહદ વ્યવસ્થાપન વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો વર્ષ ૨૦૧૬-૧૭ થી આ કાર્યક્રમનો અમલ કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજના સ્વરૂપે ૬૦:૪૦ ના રેશિયોમાં પ્રમાણમાં થઈ રહ્યો છે. બીએડીપી નો મુખ્ય હેતુ આંતરરાષ્ટ્રીય સરહદની નજીક સ્થિત અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકોની વિશેષ વિકાસલક્ષી જરૂરિયાતો અને સુખાકારી પૂર્ણ કરવાનો તથા કેન્દ્ર રાજ્ય બીએડીપી સ્થાનિક યોજનાઓના સમન્વય અને સહભાગી અભિગમ મારફતે સંપૂર્ણ આવશ્યક માળખાગત સુવિધા સાથે સરહદી વિસ્તારોને સંતૃપ્ત કરવાનો છે. ૨૦૧૫ ની બીએડીપી માર્ગદર્શિકા મુજબ ગામની સંતૃપ્તિ માટે લઘુત્તમ સુવિધાઓ જેમકે માર્ગ કનેક્ટિવિટી શાળાઓ રમત-ગમતની સુવિધાઓ આરોગ્ય સેવાઓ વીજળી પાણી પુરવઠો સામુદાય કેન્દ્રો જાહેર શૌચાલય વગેરે હોવી જરૂરી છે પરંતુ ડીએલસી માટે સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ગામની સંતૃપ્તિ માટે તેમની પોતાની વ્યાખ્યા બનાવવાની ફરજિયાત હશે સંતૃપ્ત ગામને વ્યાખ્યાયિત કરવું જરૂરી છે કારણ કે ૦-૧૦કિ.મી ના વચ્ચે આવતા ગામોની સંતૃપ્તિ પછી જ ૦-૨૦ કિ.મી.ના અંતરના ગામોનો આગામી જૂથ અને એ રીતે ૦- ૫૦ કિ.મી સુધીના ગામોના આગામી જુથ બીએડીપી હેઠળ લઈ શકાય તદુપરાંત બીએસએફ દ્વારા નક્કી કરવામાં આવેલા વ્યુહાત્મક રીતે મહત્વપૂર્ણ સરહદી ગામો અન્ય ગામોનો વિકાસ કરતા પહેલા સંતૃપ્ત કરવાના હતા.

ઓડિટમાં અવલોકન કરવામાં આવ્યું હતું કે જિલ્લા સત્તાવાળાઓએ ડી.એલ.સી. એ બી.એ.ડી.પીના હેતુ માટે ગામને સંતૃપ્ત તરીકે જાહેર કરવા માટેના કોઈ માપદંડને વ્યાખ્યાયિત કર્યા નથી ગામોમાં લઘુત્તમ માળખાગત સુવિધાઓ પૂરી પાડવા માટેના માપદંડોના જૂથને વ્યાખ્યાયિત કરવાથી બીએડીપી હેઠળ પસંદ કરાયેલા ગામોમાં કાર્યો પરિયોજનાઓની ઓળખ કરવા માટેના તાર્કિક આધાર તરીકે કાર્ય આપી શકત. જેની ગેરહાજરીમાં જુલાઈ ૨૦૨૩ ની સ્થિતિએ આઈ.બી હેઠળ આવરી લેવામાં આવેલ પ્રથમ તબક્કા ૦-૧૦ કિ.મી ના ૧૫૮ સરહદી ગામોમાંથી એક પણ ગામને સંતૃપ્ત તરીકે જાહેર કરવામાં આવ્યું નથી અને આ કાર્યક્રમનો અમલ ૦ -૧૦ કિ.મી ની વચ્ચે આવતા ગામોમાં હજુ પણ ચાલુ છે.

ડી.પી.ઓ કચ્છ અને બનાસકાંઠા એ જણાવ્યું હતું કે ન તો ગામની સંતૃપ્તિ વ્યાખ્યાયિત કરવામાં આવી છે અને ન તો કોઈ ગામને સંતૃપ્ત જાહેર કરવામાં આવ્યું છે. જાન્યુઆરી ૨૦૨૩ માં યોજાયેલી પાટણ જિલ્લાની ડીએલસી બેઠકમાં ગામોમાં પૂરી પાડવાની લઘુત્તમ સુવિધાઓ નો ઉલ્લેખ કરીને ગામની સંતૃપ્તિ ની વ્યાખ્યા કરવામાં આવી હતી.

### વિદેશમાં મમતા

તે યોગ્ય નથી. મારા અતિ ડાબેરી અને સાંપ્રદાયિક મિત્રો, આ રાજકારણ ન કરો.જ્યારે કેટલાક દર્શકોએ ગો અવેના નારા લગાવ્યા, ત્યારે મમતા બેનર્જીએ આત્મવિશ્વાસથી કહ્યું, દીદીને કોઈ ફરક નથી પડતો. દીદી વર્ષમાં બે વાર આવશે અને રોયલ બંગાળ ટાઈગરની જેમ લડશે. આ ઉપરાંત,તેમણે કહ્યું, જો તમે કહો તો હું તમારા કપ ડાં ધોઈ આપીશ અને તમારા માટે ખાવાનું બનાવી દઈશ. પણ જો કોઈ મને ઝુકાવવાનો પ્રયાસ કરશે અથવા મજબૂર કરશે, તો હું ઝૂકીશ નહીં. હું ફક્ત જનતા સમક્ષ મારું માથુંઝુકાવીશ. SFI-UK (સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા - યુકે) એ આ વિરોધ પ્રદર્શનની જવાબદારી લીધી છે. સંગઠને તેના ફેસબુક પેજ પર એક પોસ્ટમાં લખ્યું, અમે પશ્ચિમ બંગાળના વિદ્યાર્થીઓ અને મજૂર વર્ગના સમર્થનમાં મમતા બેનર્જી અને ટીએમસીના ભ્રષ્ટ, અલોકતાંત્રિક શાસન સામે અમારો અવાજ ઉઠાવી રહ્યા છીએ.

### ખેડુતો પ્રત્યે

અપનાવવા દિશાનિર્દેશો આપ્યાં હતા. મુખ્યમંત્રી ની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરુવારે યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો- અરજદારોએ પોતાની રજૂઆતો ગુરૂવારે સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ દરમિયાન રજૂ કરી હતી. માર્ચ-૨૦૨૫ના ચોથા ગુરૂવારે યોજાયેલા આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ધ્યાનપૂર્વક સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા તંત્ર કે વિભાગે તે રજૂઆતો અંગે કરેલી કાર્યવાહીની પણ જાણકારી મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કક્ષની વિડીયો વોલ મારફતે મેળવી હતી. આ રાજ્ય સ્વાગતમાં કુલ ૧૩૧ જેટલી રજૂઆતો મળી હતી તેનું સંબંધિત અધિકારીઓ દ્વારા નિરાકરણ કરવા માટે સંબંધિતોને સૂચનાઓ આપવામાં આવી હતી. રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમો પણ નિયમિતપણે યોજાય છે, તેમાં માર્ચ-૨૦૨૫ના સ્વાગતમાં વિવિધ નાગરિકોની કુલ ૧૦૮૮ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૬ માર્ચ, ૨૦૨૫ના રોજ રાજ્યભરમાં તાલુકા કક્ષાએ યોજાયેલા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ૧૭૨૪ જેટલી રજૂઆતો રૂબરૂ સાંભળીને તેના નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસ, સચિવ અવંતિકા સિંઘ, ખાસ ફરજ પરના અધિકારી ધીરજ પારેખ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ પણ જોડાયા હતા.

### દેશમાં માર્ગ

પ્રારંભિક અંદાજ ૧૨,૦૦૦ કરોડ રૂપિયા હતો, પરંતુ તે લગભગ ૫,૫૦૦ કરોડ રૂપિયામાં પૂર્ણ થશે. ગડકરીએ કહ્યું કે જમ્મુ-શ્રીનગર હાઈવે પર ૩૬ ટનલ બનાવવામાં આવી રહી છે અને આમાંથી ૨૨ ટનલ પૂર્ણ થઈ ગઈ છે. આનાથી મુસાફરીનો સમય હાલના સાત કલાકથી ઘટીને ત્રણથી સાડા ત્રણ કલાક થશે. દિલ્હી-કટરા એક્સપ્રેસવે પર પણ કામ ચાલી રહ્યું છે, જે મુસાફરીનો સમય ૧૨ કલાકથી ઘટાડીને અડધો કરી દેશે.

### પુતિનની ભારત

જણાવ્યું હતું કે, ચીનનું સૈન્ય તેના ભારતીય સમકક્ષો સાથે મળીને સરહદ મુદ્દાના નિષ્પક્ષ અને ન્યાયી ઉકેલને લાગુ કરવા માટે તૈયાર છે.ઉલ્લેખનીય છે કે, ચીન ભારત સાથે સૈન્ય સંબંધો સુધારવા અને તેમને મજબૂત કરવા માટે ઉત્સુક છે. વુએ કહ્યું કે ચીનની સૈન્ય પણ ડ્રેગન અને હાથી વચ્ચે સહકાર અને લશ્કરી સંબંધોને મજબૂત કરવામાં યોગદાન આપવા માંગે છે.

### રિઝર્વ બેંક

ફુગાવો આરબીઆઈના ટારગેટ મુજબનો જોવા મળશે.

છેલ્લાં ત્રણ વર્ષથી સતત ઊંચા ફુગાવાને કારણે આરબીઆઈએ વ્યાજદર ઘટાડ્યા જ ન હતા અને મે-૨૦૨૨થી ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન તેમાં ૨૫૦ બેસીસ પોઈન્ટનો વધારો કર્યો હતો. ફેબ્રુઆરી-૨૦૨૫માં રેપો રેટ ૦.૨૫ ટકા ઘટાડીને ૬.૨૫ ટકા કરાયો હતો.

ફેબ્રુઆરી-૨૦૨૫ની એમપીસીની મિનિટ્સમાં એવું ભારપૂર્વક કહેવામાં આવ્યું હતું કે ગ્રોથ મોમેન્ટમ ધીમું પડ્યું છે તેની રિઝર્વ બેંકે નોંધ લીધી છે. નીચો ફુગાવો આરબીઆઈની પ્રાથમિકતા ચોક્કસ છે, પરંતુ ગ્રોથને સપોર્ટ પર મોનિટરી પોલિસીનું ફોકસ વધશે.

# કુટુંબ ભાવના ઘસાઈ; 'હું' જ ફેમિલીની માન્યતા બની છે : સુપ્રિમ

## વિશ્વને કુટુંબ માનનાર દેશમાં જ આ સ્થિતિ અસહ્યઃ સિનિયર સીટીઝન પ્રોટેક્શન એક્ટમાં બદલાવની હિમાયત

નવી દિલ્હી : દેશમાં ભુલાતી જતી સંયુક્ત કુટુંબ પ્રથા અને વધતા જતા વિભક્ત કુટુંબ પર એક મહત્વપૂર્ણ ટીપ્પણી કરતાં સુપ્રિમ કોર્ટે દેશમાં કુટુંબ વ્યવસ્થા પડી ભાંગવાના આરે હોવાનો આક્રોશ દર્શાવતાં કહ્યું કે હવે 'એક વ્યકિત-એક કુટુંબ' જેવી સ્થિતિ બની રહી છે.

સુપ્રિમ કોર્ટે માતા-પિતા અને તેના સંતાનો પતિ પત્નિ વચ્ચે ભરણપોષણ તથા અન્ય કૌટુંબીક કાનુની વિચારો વધતા જાય છે તેના પર આગળ વધતા જણાવ્યું કે કૌટુંબીક મિલકતોનાં કાનુની વિવાદ અને ઝઘડા પણ વધી રહ્યા છે અને હવે એક જ વ્યકિત એટલે તે કુટુંબ તેવુ માનનારાઓ માતા પિતા અને સંતાનો વચ્ચે સાથે રહેવા મુદ્દે જે રીતે તકરારો વધી ગઈ છે તેના પર આકરી ટીપ્પણી કરતા સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે માતા પિતાએ મેળવેલી સંપતી મકાનમાં તેમને જ સાથે રાખવા સંતાનો તૈયાર ન હોય તો સંતાનોને મિલકત છોડવાની ફરજ પાડવી જોઈએ.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, ભારતમાં આપણે વસુધૈવ કુટુંબકમમાં માનીએ છીએ એટલે કે આખુ વિશ્વ આપણું જ કુટુંબ છે.પણ આજે આપણે એક કુટુંબમાં પણ સાથે રહી શકતા નથી. કુટુંબનો ખ્યાલ જ ઘસાતો જાય અને દરેક માટે હવે તે એકલો એટલે કે એક વ્યકિત એક કુટુંબ જેવી માનસીકતા બની રહી છે. સુપ્રિમ કોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી એચ.એન.ભટ્ટી તથા એક જ મિશાલની ખંડપીઠે આ નિરિક્ષણ વ્યકત કર્યા હતા.

જેમાં એક માતા પિતા અને તેમનાં પુત્ર વચ્ચેનો મિલકતનો વિવાદ તેમની સાથે આપ્યો હતો. સુપ્રિમ કોર્ટે નોંધ્યુ કે મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સીટીઝન એકટમાં ભલે માતા પિતાની સંભાળ નહીં રાખતા પુત્ર-પુત્રીઓને તેના કૌટુંબીક આવાસમાંથી બહાર તગડી મુકવાની જોગવાઈ હોય નહિં પરંતુ સિનિયર સીટીઝનની સુરક્ષા નિશ્ચિત કરવા તે જરૂરી બની ગયુ છે.સર્વોચ્ચ અદાલતે આ તબકકે ટ્રીબ્યુનલના એક આદેશને રદ કર્યા હતા જેમાં માતા પિતાની સંભાળ નહિં લેનાર પુત્રને તેના પિતાની મિલકતમાંથી બહાર કાઢવા જણાવાયું હતું. સુપ્રિમે એ નોંધ લીધી હતી કે હવે પુત્રએ તેના માતાપિતાને ભરણ પોષણ આપવા એ તેની સંભાળ લેવા ખાતરી આપી છે. તેથી તેને ઘર બહાર કરવા જરૂરી નથી.

# શિક્ષકોની ઘટ પૂરાય નહીં ત્યાં સુધી ભરતીની સત્તા ડીઈઓને આપો : સંચાલક મંડળે શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

(પ્રતિનિધિ દ્વારા)અમદાવાદ : રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘટ પૂર્ણ કરવા માટે સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરાઈ છે. જ્ઞાન સહાયક યોજના પછી પણ તમામ સ્કૂલોમાં હજુ સુધી શિક્ષકો મળ્યા ન હોવાથી શિક્ષકોની ઘટ પૂર્ણ કરવા માટે કાયમી ભરતી કરવામાં ન આવે ત્યાં સુધી જિલ્લા શિક્ષણાધિકારીને ભરતીની કામગીરી સોંપવા તથા શાળા મંડળને જરૂરીયાત મુજબ કર્મચારીની પસંદગી કરવાની છૂટ આપવા માગણી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટેડ શાળાઓમાં કાયમી ભરતી ન થાય અથવા સરકારની જ્ઞાન સહાયક યોજના મુજબ જ્યાં સુધી જે સંસ્થામાં મહેકમ પ્રમાણે પૂર્ણકાલિન કર્મચારીઓ નથી તેવી તમામ શાળાઓમાં આવનારા શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તેવા હેતુથી માગણી સ્વીકારવા રજૂઆત કરાઈ છે. સંચાલક મંડળે જણાવ્યું હતું કે, સરકારના નીતિ-નિયમો મુજબ દરેક ગ્રાન્ટેડ શાળામાં મહેકમ પ્રમાણે વિદ્યાર્થીઓના અભ્યાસને ધ્યાનમાં લઈ પૂરતો શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ હોવો અત્યંત જરૂરી છે. -

# રાજ્યની ૮૯ સહિત દેશભરમાં ૨૯૦૦ બીએડ કોલેજો ભૂતિયા હોવાની આશંકા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા દેશના જુદા જુદા રાજ્યોમાં આવેલી અંદાજે ૧૫ હજાર BEd કોલેજોને પરર્ફોમન્સ અપ્રાઈઝલ રિપોર્ટ ભરવા માટે તાકીદ કરી હતી. ત્રણ વખત મુદત વધાર્યા પછી પણ હાલમાં રાજ્યની ૮૯ સહિત દેશની ૨૯૦૦ BEd કોલેજોએ આ પ્રકારનો અહેવાલ ભરવાની તસ્દી લીધી નથી. જેના કારણે આ કોલેજો ભૂતિયા હોવાની શક્યતા છે. આગામી દિવસોમાં આ તમામ કોલેજોને નોટિસ આપીને કાયદાકીય કાર્યવાહી કરવાના નિર્દેશ કાઉન્સિલના ચેરમેન પંકજ અરોરાએ આપ્યા હતા. ગુજરાત વિદ્યાપીઠમાં 'ટ્રાન્સફોર્મિંગ ટીચર્સ એજ્યુકેશન ટોવડર્સ વિકસિત ભારત ૨૦૪૭' વિષય પર કાઉન્સિલના વેસ્ટર્ન ઝોનના નેશનલ કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશનના ચેરમેન પંકજ અરોરાએ આજે કાઉન્સિલની કાર્યપદ્ધતિ, હેતુ અને ઉદ્દેશ અંગે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાય સમયથી દેશમાં BEd કોલેજોમાં અનેક પ્રકારની અનિયમિતતાઓ હોવાની ફરિયાદો બહાર આવી હતી.

BEd કોલેજોમાં ચાલતી આ પ્રકારની ગેરરીતિઓ અને અનિયમિતતા દૂર કરવા માટે દરેક કોલેજોને પરર્ફોમિંગ અપ્રાઈઝલ રિપોર્ટ તૈયાર કરવા તાકીદ કરવામાં આવી હતી. સળંગ ત્રણ વખત આ રિપોર્ટ ભરવાની મુદત વધારવામાં આવ્યા પછી પણ હજુ સુધી ૨૯૦૦ કોલેજોએ આ પ્રકારનો રિપોર્ટ ભરવાની તસ્દી લીધી નથી.

# મ્યાનમારમાં ભુકંપનો મોટો આંચકો

## ૭.૭ની તીવ્રતા સાથે મ્યાનમારની ધરી ધણધણી

નવી દીલ્હી : દેશ-વીદેશમાં પાછલા અમુક સમયથી સતત ધરાઓ ધ્રુજવા પામી રહી છે. ભુકંપના પગલે ઠેર ઠેર લોકોમાં ભય ફેલાવવા પામી રહ્યો છે. દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ મ્યાનમારમાં પણ ભુકંપનો મોટો આંચકો આવવા પામ્યો છે. રીકટર સ્કેલ પર તેની માત્ર ૭.૭ની નોધાવવા પામી છે.

# સ્ટેટ મોનિટરિંગ સેલે ૧૩ વહીવટદારની ખાતાકીય તપાસ માટે વિગતો પોલીસ કમિશનરને સોંપી

## વહીવટદારોની મિલકતો, બેંક લોકર અને ટ્રાન્જેકશન અંગે મોટા પ્રમાણમાં વિગતો મળી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદમાં ગુનેગારોએ સમગ્ર વિસ્તાર બાનમાં લેતાં પોલીસ એક્ટિવ બની ગઈ. ગુનેગારોને પાસા અને તડીપાર કરવાનું શરૂ કરી દીધું. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ૧૫ અસામાજિક તત્ત્વોની યાદી જારી કરી તેમના ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કવાયત કરવામાં આવી છે. હવે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા અમદાવાદના ૧૩ વહીવટદારોની બેંક ખાતા અને મિલકતોની વિગતો એકત્રિત કરવામાં આવી હતી. તે વિગતો સાથેનો રિપોર્ટ અમદાવાદ પોલીસ કમિશનરને ખાતાકીય તપાસ માટે સુપરત કરવામાં આવ્યો છે. જેને પગલે હવે આ ૧૩ વહીવટદારોની ખાતાકીય તપાસ અમદાવાદ પોલીસ કમિશનર કચેરીના ચોક્કસ અધિકારીઓ દ્વારા શરૂ કરવામાં આવી છે. તપાસ બાદ આ વહીવટદારો સામે પગલાં લેવાશે. સ્ટેટ મોનિટરિંગ સેલને સ્વતંય પોલીસ મથકનો હવાલો આપવામાં આવ્યો ત્યારથી જ તેની સૌથી પહેલી ફરિયાદ વહીવટદારો સામે નોંધાશે તેમ માનવામાં આવતું હતું. જોકે વહીવટદારોની મોનિટરિંગ સેલ દ્વારા જે વિગતો મગાવવામાં આવી હતી. તેમાં ખૂબ જ મોટા પ્રમાણમાં વિગતો મળી છે, જેની તપાસ ચાલી રહી છે. માટે એસએમસી પોલીસ મથકમાં ગુજસીટોક અને ડ્રગ્સની ફરિયાદો નોંધાઈ ગઈ.વહીવટદારો વિરુદ્ધ મળેલી વાંધાજનક વિગતોનો રિપોર્ટ મોનિટરિંગ સેલ દ્વારા અમદાવાદ પોલીસ કમિશનર કચેરીએ કરવામાં આવ્યો છે. જેને પગલે તેમના સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે. આ ખાતાકીય તપાસ બાદ વહીવટદારો સામે અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતેથી પગલાં લેવાશે. બીજી તરફ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પણ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ પોલીસની આબરૂને ડાઘ લગાડનારા ૧૩ વહીવટદારોની જિલ્લા બહાર બદલી કરી દેવામાં આવી છે. આ વહીવટદારો અમદાવાદ બહાર બદલી થઈ હોવા છતાં અમદાવાદમાં જ રહેતા હોવાની વિગતો મળતા અમદાવાદ પોલીસ કમિશનર કચેરી દ્વારા વહીવટદારોની જ્યાં બદલી કરવામાં આવી છે. તે સ્થળના સિનિયર અધિકારીઓને લેખિતમાં જાણ કરી આ વહીવટદારોની કામગીરી અને હજરી પર નજર રાખવા જણાવવામાં આવ્યું છે.૧૩ વહીવટદારોની જિલ્લા બહાર બદલી કરી દેવાઈ છે જેમાં રાજેન્દ્રસિંહ અજીતસિંહ ગોહિલ, કેયુર ધીરૂભાઈ બારોટ, સિરાજ રજાકભાઈ મનસુરી, હરવિજયસિંહ દિલીપસિંહ ચાવડા, જગદીશ કાંતિલાલ ચૌધરી, મહેન્દ્રસિંહ રણછોડભાઈ દરબાર, ફિરોજખાન મુનાફખાન પઠાણ, ઈન્દ્રવિજયસિંહ દાદુભા વાઘેલા, મહિપતસિંહ ઉદેસિંહ ચૌહાણ, લાલજી ચતુર દેસાઈ, સમીઉલ્લા યાવરમીયા ઠાકોર, જીવણ મેઘજી યાદવ, અક્ષયસિંહ રામસિંહ પુવારનો સમાવેશ થાય છે.

# અમદાવાદના ચાંદખેડામાં ભયાનક અકસ્માત, બસની પાછળ ઘૂસી જતાં કારનું પડીકું વળી ગયું, એકનું મોત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં આજે સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયાની માહિતી સામે આવી રહી છે. અહીં એક બસ અને મોંઘેરી એસયુવી કાર વચ્ચે જોરદાર અકસ્માત સર્જાયો હતો. માહિતી મુજબ એએમટીએસની બસના પાછળના ભાગમાં એસયુવી કાર ઘૂસી જતાં કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે અન્ય એક હજુ કારમાં જ ફસાયેલો હોવાની જાણકારી મળી રહી છે જેની હાલત ગંભીર છે.

સ્થાનિકોનો દાવો છે કે અકસ્માત સર્જનાર કારચાલકે એક બાઈકને પણ ટક્કર મારી હતી. પ્રાથમિક તપાસમાં જાણકારી મળી છે કે કારચાલકની બાજુમાં બેઠેલા વ્યક્તિનું મોત નીપજ્યું છે જ્યારે ડ્રાઈવર કારમાં ફસાઈ ગયો હતો જેને ગંભીર ઈજાઓ થઈ છે અને તેને બહાર કાઢવાના પ્રયાસ હાથ ધરાયા હતા. માહિતી અનુસાર પૂરઝડપે કાર દોડી રહી હતી તે સમયે બાજુમાં એક લક્ઝરી બસ અને એએમટીએસની બસ પણ આવી જતા કારચાલક મુંઝાઈ ગયો અને કારને કાબૂમાં ન કરી શક્યો જેના કારણે કાર એએમટીએસ બસના પાછળના ભાગમાં ધડાકાભેર ઘૂસી ગઈ હતી.

# વિધાનસભાના દ્વારેથી...

## કચ્છ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ૧૦૬૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી

### રૂ ૯ કરોડ ૨૩ લાખથી વધુની સહાય ચૂકવાઇ



ગાંધીનગરઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ૧૦૬૯૭ અરજીઓ મળી હોવાનો રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રીએ અબડાસા ના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવીને જણાવ્યું હતું કે આ અરજીઓ પૈકી ૧૦૬૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને કુલ રૂ ૯,૨૩,૬૦,૦૦૦ ની સહાય મંજૂર કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના અંતર્ગત તાલુકા વાર મળેલ અરજીઓની વિગત આ પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં મળેલ કુલ અરજીઓ |
|---|---|---|
| ૧ | અબડાસા | ૪૪૮ |
| ૨ | અંજાર | ૧૧૦૧ |
| ૩ | ભચાઉ | ૧૩૫૨ |
| ૪ | ભુજ–ગ્રામ્ય | ૧૨૦૭ |
| ૫ | ભુજ– શહેર | ૧૧૪૦ |
| ૬ | ગાંધીધામ | ૧૩૦૧ |
| ૭ | લખપત | ૨૭૩ |
| ૮ | માંડવી | ૧૧૮૬ |
| ૯ | મુન્દ્રા | ૭૮૧ |
| ૧૦ | નખત્રાણા | ૬૦૯ |
| ૧૧ | રાપર | ૧૨૯૯ |
| | કુલ | ૧૦૬૯૭ |

## કુંવરબાઈના મામેરુ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૦૦૬ અરજીઓ મંજુર કરવામાં આવી

### રૂ ૪.૭૧ કરોડની સહાય ચૂકવાઇ

ગાંધીનગરઃકચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩ માં વિકસતી જાતિની ૨૦૯૫ અને વર્ષ ૨૦૨૪ માં ૧૯૧૧ અરજીઓ મળી હતી તેમ રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીએ અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા એ પૂછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ પૈકી વર્ષ ૨૦૨૩ માં ૨૦૯૫ અને વર્ષ ૨૦૨૪ માં ૧૯૧૧ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૩ માં રૂ ૨.૫૧ કરોડ અને વર્ષ ૨૦૨૪ માં રૂ ૨.૨૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

# રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાનું નકલી ફેસબુક એકાઉન્ટ, નાગરિકોને સાવચેત રહેવા અપીલ

અમદાવાદ : આજકાલ સાયબર ક્રાઈમના કેસ વધી રહ્યાં છે. સાયબર ગુનેગારો છેતરપિંડી કરવાના અવનવા રસ્તાઓ શોધતા રહે છે. હવે આવા લોકો ફેસબુક દ્વારા લોકોને છેતરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જે સામાન્ય માણસથી લઈને મોટા અધિકારીઓ અને નેતાને પોતાનો શિકાર બનાવી રહ્યા છે. ત્યારે રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાનું નકલી ફેસબુક એકાઉન્ટ બન્યું છે. આ અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે, 'કોઈ અજાણી વ્યક્તિએ મારા ફેક એકાઉન્ટ દ્વારા નાગરિકો અને કાર્યકર્તાઓમાં ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે.'રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક આ અંગે માહિતી આપતા લખ્યું કે, 'મારા નામથી ગતરાત્રે ૧૧:૩૦ કલાકે કોઈએ ફેસબુક પ્રોફાઈલ બનાવી હોવાનું મારા ધ્યાને આવ્યું છે. કોઈ અજાણી વ્યક્તિએ મારા નકલી એકાઉન્ટ દ્વારા નાગરિકો અને કાર્યકર્તાઓમાં ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. આ અંગે મે સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટમાં ફરિયાદ નોંધાવી છે.

# ડમી શાળાનાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી શકશે નહીં : સીબીએસઇ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : નિયમિત રીતે શાળામાં ન જનારા સીબીએસઈના વિદ્યાર્થીઓને ધો.૧૨ની બોર્ડની પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે નહીં તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે ડમી શાળાઓમાં પ્રવેશ લેવાની જવાબદારી વિદ્યાર્થીઓ અને માતા-પિતા સાથે સંકળાયેલી છે. ડમી શાળાઓ વિરુદ્ધ સન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીના ભાગરૂપે સીબીએસઈ ડમી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં બેસી ન શકે તે માટે સંબધિત પરીક્ષા કાયદાઓમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. ડમી શાળાઓના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં અને તેમને નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (એનઆઈઓએસ)ની પરીક્ષા આપવી પડશે.બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે બોર્ડની ઓંચિતી તપાસ દરમિયાન જે વિદ્યાર્થી શાળામાં હાજર નહીં હોય તેવા વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.

જોઈએ છે ગાંધીધામ માટે
કામવાળી બહેન
ઘરનું સંપૂર્ણ કામકાજ તેમજ સાફ–સફાઈ માટે
ઓફીસની સાફ–સફાઈ કરી શકે તેવો માણસ જોઈએ છે.
મળવાનો સમય :- સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાકે
Mo. 9099079342

# શ્રી વાગડ ચોરાડ ચાર ચોવીસી દશનામ ગોસ્વામી સમાજ આયોજિત છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ યોજાયો





રાપરઃ શ્રી વાગડ ચોરાડ ચાર ચોવીસી દશનામ ગોસ્વામી સમાજ આયોજિત છઠ્ઠો સમુહ લગ્નોત્સવ ૩- ૩- ૨૦૨૫, ફાગણ સુદ ચોથ, સોમવારનાં રોજ આડેસર મધ્યે આવેલી શ્રી દશનામ ગોસ્વામી સમાજવાડીમાં યોજાયો હતો, જેમાં આઠ દંપતિએ પ્રભુતામાં પગલાં પાડયાં. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય, ગણેશ સ્થાપન, મંડપ રોપણ, ગૃહશાંતિ, હસ્ત મેળાપ, સમુહ પ્રસાદ, દાતાશ્રીઓનાં સન્માન, વિદાય સભારંભ સહિતનાં પ્રસંગો ઉજવાયા. આ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી બુદ્ધગિરિ બાપુ ( થાણાપતિ શ્રી દશનામ જૂના અખાડા ), પ. પૂ. હીરાગિરિ બાપુ ( મહંત શ્રી રવેચી જાગીર), પ. પૂ શ્રી ગંગાગિરિ બાપુ (મહંત શ્રી મોમાયમોરા જાગીર), પ. પૂ શ્રી શુભમગિરિ બાપુ ( મહંત શ્રી વરણું જાગીર), પ. પૂ શ્રી વિષ્ણુગિરિ બાપુ (બિલેશ્વર ગૌ શાળા - સાંતલપર), પ.પૂ. શ્રી યોગી શ્રી રાહુલનાથ (કંથડનાથ મઢી - મનફરા), પ. પૂ. શ્રી બેચરગિરિ કેશવગિરિ બાપુ (મહંત શ્રી સુરેશ્વર ધામ- કિડીયાનગર) તથા પધારેલા સંતો, મહંતોનાં સન્માન કરવામાં આવ્યાં. આમંત્રિત મહેમાનો શ્રીઓમાં સમાજના કર્મઠ આગેવાનો શ્રી અખિલ કચ્છ દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ અમૃતગિરિ પ્રેમગિરિ ગોસ્વામી, રાજેન્દ્રગિરિ નથુગિરિ ગોસ્વામી (પ્રમુખ શ્રી પશ્ચિમ કચ્છ દશનામ સમાજ), રમેશગિરિ કરશનગિરિ ગોસ્વામી (પ્રમુખ શ્રી મહા ગુજરાત દશનામ મહા મંડળ - કચ્છ પ્રદેશ), આશિષગિરિ જયસુખગિરિ ગોસ્વામી ( પ્રમુખ શ્રી અખિલ કચ્છ દશનામ સમાજ - યુવક મંડળ), શંકરપુરી નારણપુરી, નવીનગિરિ ભીમગિરિ, રતુપુરી જેરામપુરી, ત્રંબકપુરી અમરપુરી, દિનેશગિરિ હરિગિરિ, રમેશપુરી ઉમેદપુરી (મિડીયાસેલ), નરેન્દ્રપુરી શિવપુરી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આડેસર ગામના અગ્રણી અને ભૂમિદાતા શ્રી જીવણભાઈ માનાભાઈ આહિર તથા મહાદેવભાઈ પરબતભાઈ આહિર, આડેસર સરપંચ અજયપાલસિંહ જાડેજા, પૂર્વ સરપંચ ભગાભાઈ આહિર, ગ્રામ અગ્રણી માદેવાભાઈ આહિર સહિતનાં અગ્રણી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. જમણવારનાં દાતા શ્રી પૂજ્ય ગંગાગિરિ બાપુ, પૂજ્ય શુભમગિરિ બાપુ, મંડપનાં દાતા શ્રી બેચરગિરિ બાપુ, સોનાની વીંટી નંગ ચાર, બે ગ્રામનાં દાતા શ્રી અ. સૌ. નીલાવંતીબેન અમરતગિરિ પ્રેમગિરિ ગોસ્વામી- (ખેંગારપર), અ. સૌ. શાંતાબેન ગોપાલગિરિ વખતગિરિ ગોસ્વામી, સોનાની વીંટી નંગ બે, બે ગ્રામના દાતા શ્રી (ખેંગારપર), અ. સૌ. દક્ષાબેન ઈશ્વરગિરિ માનગિરિ ગોસ્વામી, (ખેંગારપર), આમંત્રણ પત્રિકાના દાતા શ્રી કૈ. વા. વાલગિરિ રામગિરિ ગોસ્વામી પરિવાર- પાલનપર, બત્રીસ ઈંચ એલઈડી ટીવીના દાતા દેવગિરિ શ્યામગિરિ ગોસ્વામી (સુવઈ), સોનાની કાનની કડીના દાતા શ્રી અ. સૌ. ઝવેરબેન પ્રેમગિરિ જ્ઞાનગિરિ ગોસ્વામી (ખેંગારપર) તથા અન્ય વસ્તુઓના દાતા શ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ચાર ચોવીસીનાં પ્રમુખ બેચરગિરિ કેશવગિરિ ગોસ્વામી, હમીરાણા ચોવીસીના પ્રમુખ શ્રી પ્રવીણગિરિ દોલતગિરિ ગોસ્વામી (પલાંસવા), તથા હોદેદારો, પ્રાવથર ચોવીસીના પ્રમુખ નિલેશભારથી મોહનભારથી ગોસ્વામી ( ધોળાવીરા), ચોરાડ ચોવીસીના હોદેદારો, રાપર ચોવીસી પ્રમુખ માદેવપુરી રતનપુરી ગોસ્વામી તથા ચારેય ચોવીસીના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગને પાર પાડવા ચારેય ચોવીસીના હોદેદારો તથા જ્ઞાતિજનોએ જહેમત ઉઠાવી હતી.

# અંજારની શાળામાં કેરિયર ગાઈડન્સનો વર્કશોપ યોજાયો

## ભાગ લેનાર ૧૪૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા




અંજાર : શેઠ ધર્મસિંહ વલ્લભદાસ સરકારી મા. અને ઉ. મા. શાળા ખાતે અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂ. શ્રી ત્રિકમદાસજી મહારાજ, મદદનીશ શિક્ષણ નિરીક્ષક અને શાસનાધિકારી અંજાર મુરજીભાઈ મિંઢાણી, બી. આર. સી. કોર્ડીનેટર અંજાર મયુરભાઈ પટેલ, અંજાર આઈ. ટી. આઈ. ના પ્રિન્સીપાલ રોહિતભાઈ નાઈ, શેઠ ડી.વી.હાઈસ્કૂલના આચાર્ય ઉમેશભાઈ વ્યાસ, વોકેશનલ કોર્ડીનેટર અવનીબેન વ્યાસ, મહાદેવભાઈ આહિર, અંજાર આઈ. ટી. આઈ.ના પટેલભાઈ, રાવલભાઈ વગેરેની ઉપસ્થિતીમાં સર્વ શિક્ષા અને બી. આર. સી. ભવન અંજાર આયોજિત એક કેરિયર ગાઈડન્સનો વર્કશોપ યોજવામાં આવેલ.કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતી વંદના અને ઉપસ્થિત મહાનુભાવોની હાજરીમાં દીપ પ્રાગટ્ય બાદ શાળાના આચાર્ય ઉમેશભાઈ વ્યાસે સર્વે મહેમાનોને આવકારી આધુનિક ટેકનોલોજીના યુગમાં વોકેશનલ કોર્સનું મહત્વ સમજાવી આત્મવિશ્વાસ કેળવી નકકી કરેલા લક્ષ્યાંક સિદ્ધ કરી આત્મનિર્ભર બનવા શીખ આપી હતી.શાસનાધિકારી મુરજીભાઈ મિંઢાણીએ વિધાર્થીઓને હુન્નર કળા, કૌશલ્ય વિકસાવી રસ રુચિ પ્રમાણે વોકેશનલ કોર્સ પસંદ કરી આગળ વધવું એ સમયની માંગ હોવાનું જણાવી ઉજ્જવળ કારકિર્દી ઘડવા સૂચનો કરેલ. અંજાર આઈ. ટી. આઈ.ના પ્રિન્સીપાલ રોહિતભાઈ નાઈ, ઈન્સ્ટ્રકટર નિતીનભાઈ પટેલ અને મિલનભાઈ રાવલે આઈ. ટી. આઈ.માં પ્રવેશ પધ્ધતિથી માંડી ચાલતા જુદા જુદા કોર્સ અંગે જાણકારી આપી તેનું મહત્વ સમજાવેલ.અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજે આશિર્વચન પાઠવી આવા કાર્યક્રમો યોજી વિધાર્થીઓને માહિતગાર કરવા બદલ અભિનંદન આપેલ. ઉપરાંત વોકેશનલ ટ્રેડના ભાગ લેનાર સર્વે વિધાર્થીઓને મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન નીલમબેન ગર્જરે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા રાહુલભાઈ નાઈ, રઘુવીરસિંહ ચૌહાણ, ભરતસિંહ જાડેજા અને શાળાના વોકેશનલ ટ્રેનર અજયભાઈ આહિર તથા સ્ટાફ ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમને સફળ બનાવવા બદલ બી. આર. સી. કોર્ડીનેટર શ્રી મયુરભાઈ પટેલ અને વોકેશનલ કોર્ડીનેટર અવનીબેન વ્યાસે શાળા પરિવારને અભિનંદન પાઠવી આભાર વ્યકત કરેલ.

# કુંભારડીમાં બાગાયતી પ્રાકૃતિક કૃષિની તાલીમમાં પાંચ જિલ્લાના ખેડૂતો જોડાયા



ભુજ : કચ્છ જિલ્લામાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે અને લોકોને સ્વાસ્થ્યપ્રદ ખેતપેદાશો ઉપલબ્ધ થાય તે માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની આગેવાનીમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન આગળ વધી રહ્યું છે. પંચસ્તરીય બાગાયતી પ્રાકૃતિક તાલીમનું આયોજન નાયબ બાગાયત નિયામકની કચેરી, ભુજ દ્વારા ભચાઉના કુંભારડી ખાતે કરવામાં આવ્યું હતું. તાલીમમાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર અને કચ્છના જિલ્લાના ખેડૂતો જોડાયા હતા.

તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના ગુજરાત રાજ્ય સંયોજક હિતેશભાઈ વોરા દ્વારા બાગાયતી પાકોમાં પંચસ્તરીય પદ્ધતિ અને પ્રાકૃતિક ખેતીના નવા આયામો વિશેની સમજણ અપાઈ હતી. તાલીમાર્થી ખેડૂતોએ ભચાઉના ગુણાતીતપુર ખાતે રતિલાલ શેઠિયા પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતીની વિસ્તૃત જાણકારી મેળવી હતી. તાલીમમાં બાગાયત અધિકારીઓ આર.ડી. પ્રજાપતિ, પરબત ચૌધરી, જયદીપ સોલંકી સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 8 | | 6 | | | 9 |
| | 6 | | | 4 | | | 1 | |
| | | 2 | | | | 5 | | |
| 8 | 7 | | 9 | | 1 | | 3 | 2 |
| | 9 | | | | | | 8 | |
| 1 | 2 | | 6 | | 7 | | 4 | 5 |
| | | 6 | | | | 4 | | |
| | 4 | | | 9 | | | 7 | |
| 5 | | | 3 | | 4 | | | 8 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 7 | 1 | 8 | 9 | 3 | 6 |
| 7 | 9 | 3 | 6 | 4 | 2 | 1 | 5 | 8 |
| 6 | 1 | 8 | 5 | 9 | 3 | 4 | 7 | 2 |
| 4 | 6 | 2 | 1 | 8 | 7 | 3 | 9 | 5 |
| 3 | 7 | 5 | 4 | 2 | 9 | 6 | 8 | 1 |
| 9 | 8 | 1 | 3 | 5 | 6 | 7 | 2 | 4 |
| 1 | 4 | 9 | 2 | 7 | 5 | 8 | 6 | 3 |
| 8 | 2 | 6 | 9 | 3 | 4 | 5 | 1 | 7 |
| 5 | 3 | 7 | 8 | 6 | 1 | 2 | 4 | 9 |

# અવસાન નોંધ

**આદિપુર (શિણાય) :** ટ્રેસાબેન કિરીટભાઈ ઉપાધ્યાય (ઉ.વ. ૬૮) તે કિરીટભાઈના પત્ની, સ્વ. રમણીકલાલ, એમેલ્યાબેનના પુત્રવધૂ, સ્વ. આલ્વનભાઈના નાના ભાઈના પત્ની, સ્વ. જયવંતીબેન, કામિનીબેનના નણંદ, વિનયના માતા, એલ્વીનિયાના કાકી, મહેન્દ્રના કાકીસાસુ, પ્રિન્સ, ખુશ્બૂના નાની, જોસબભાઈ, એન્થેનીભાઈ, રોબીનભાઈના બહેન, પિન્કી, અજય, રીના, મલિના, અનિસ, મયૂર, મનીષાના ફઈ, મલેશ, મિતુલ, કલેરેન્સ, રીના, જ્યોતિના ફઈજી સાસુ, એન્જલ, જોય, મહમા, ક્રિના, અલીના, અનુષ્કા, મહિમા, ઈમોન, રોષેલ, બેથની, એમીના દાદી - નાની તા. ૨૦-૩ના અવસાન પામ્યા છે.

**અંતરજાળ (તા. ગાંધીધામ) :** ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ચેતનાબેન બાલકૃષ્ણ પંડ્યા (ઉ.વ. ૪૮) તે ગં.સ્વ. પુષ્પાબેન હીરાલાલ પંડ્યાના પુત્રવધૂ, બાલકૃષ્ણના પત્ની, હાર્દિક, મીતના માતા, રમેશચંદ્ર, ઉર્મિલાબેન ભરતકુમાર રાજગોર, ગં.સ્વ. પ્રેમીલાબેન પ્રફુલકુમાર પંડ્યા, સ્વ. ભાવનાબેન સુભાષભાઈ વ્યાસના ભાભી, લતાબેન પંડ્યાના દેરાણી, માનસીના સાસુ, તથ્યાના દાદી, રિદ્ધિ સત્યમકુમાર વ્યાસ, ક્રિષ્ના રાજકુમાર પંડ્યા, કાવ્યાના કાકી, પ્રીતિ, બીના, પાર્થ, સીમા, ઉર્વી, જય, રાજના મામી, સિયાના નાની, કમળાબેન કરુણાશંકર પંડ્યા, જયોત્સનાબેન કીર્તિકુમાર પંડ્યા, આરતીબેન ગિરજાશંકર પંડ્યા, નીરૂબેન કિશોરચંદ્ર પંડ્યાના ભત્રીજાવહુ, મંજુલાબેન શરદચંદ્ર જોશી (માધાપર)ના પુત્રી, કપિલભાઈ, ચંદ્રેશભાઈના બહેન, પલ્લવીબેન, હિમાબેનના નણંદ, અસ્મિતા, હેત, ધ્વનિતના ફઈ તા. ૨૫-૩ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૩ના શુક્રવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ પાતાળીયા હનુમાનજી મંદિર હોલ, અંતરજાળ (આદિપુર) ખાતે.

**આદિપુર :** મૂળ મોટા કાંડાગરાના શિવજીભાઈ સિંચ (ઉ.વ. ૪૭) તે ગં.સ્વ. રાજબાઈ તેજાભાઈ સિંચના પુત્ર, સ્વ. ધનબાઈ દેવશીભાઈ સિંચના પૌત્ર, ગીતાબેનના પતિ, લક્ષ્મીબેન, અજય, હિતેનના પિતા, નીતાબેન કિશનભાઈ જંજક, સુરેશભાઈ, ધનજીભાઈ, વાલબાઈ, પ્રેમિલાબેનના ભાઈ, ગં.સ્વ. મુલબાઈ ગોવિંદભાઈના ભત્રીજા, સ્વ. નાનબાઈ રાયસીભાઈ નોરિયા (અંજાર)ના દોહિત્ર, મેઘબાઈ, સ્વ. કાનબાઈ ગોપાલભાઈ નોરિયા (અંજાર)ના જમાઈ, હીરજીભાઈ, પચાણભાઈ, સ્વ. અશોકભાઈ, ભાણજીભાઈ, દેવલબેન મંગલજી (અંજાર), સુનિતાબેન જગદીશભાઈ ફુફલ (બારોઈ)ના ભાણેજ, કિશનભાઈ જખુભાઈ જંજક (આદિપુર)ના સાળા, અમિતભાઈ, ચંદ્રિકાબેન, પ્રેમિલાબેન, વનિતાબેન, સ્વ. નિશાબેન, દિવ્યેશભાઈ, આનંદ, વિજય, જયેશ, પ્રકાશ, સાગર, જગદીશ, દક્ષાબેન, પરેશભાઈના બનેવી, અરવિંદ રતન માતંગ (આદિપુર)ના સસરા તા. ૨૩-૩ના અવસાન પામ્યા છે. ધાર્મિક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.
સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ

**અંજાર :** નંદનભાઈ વાઘમશી (સોરઠિયા) (ઉ.વ. ૧૯) તે ગ.સ્વ. દર્શનાબેન (ડાયબેન) રમેશભાઈ વાઘમશીના પૌત્ર, ઊર્મિલાબેન આશિષભાઈ વાઘમશીના પુત્ર, વર્ષાબેન અતુલભાઈ વાઘમશી, વૈશાલીબેન કપિલભાઈ વાઘમશીના ભત્રીજા, હંસલ, શુભ, જય, જીત, હેત, દક્ષના ભાઈ, મુકતાબેન શામજીભાઈ બલદાણિયાના દૌહિત્ર તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૩ના શુક્રવારે સાંજે ૫થી ૬ યદુવંશી સોરઠિયા સમાજવાડી (કૃષ્ણવાડી), વોરાસર સોસાયટીની બાજુમાં, અંજાર ખાતે.

**અંજાર :** મૂળ ટોડા (કચ્છ)ના હાલે વલસાડ કિરીટભાઈ દહીંસરિયા તે રાઘવજીભાઈ હીરજીભાઈ દહીંસરિયાના પુત્ર, અનિલાબેનના પતિ, ભાવિનના પિતા, જ્યોતિબેનના સસરા, પ્રિત - પ્રિશાના દાદા, હસુમતીબેન, સ્વ. કિશોરભાઈ, હરિશભાઈ, લતાબેન, નીતિનભાઈના ભાઈ, ઈન્દુબેન ભીમજીભાઈના જમાઈ, જેઠાલાલ મીઠુભાઈના ભાણેજ, જગદીશભાઈ પ્રેમજીભાઈ દુધૈયાના વેવાઈ તા. ૨૪-૩ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૮-૩ના શુક્રવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ક્ષત્રિય સમાજવાડી, ગાયત્રી ચાર રસ્તાની બાજુમાં, મેઘપર રોડ, અંજાર ખાતે.

**કુંભારિયા (તા. અંજાર) :** કચ્છ ગુર્જર ક્ષત્રિય મિસ્ત્રી પ્રભુલાલ દામજીભાઈ રાઠોડ (ઉ.વ. ૯૩) તે ચંપાબેનના પતિ, ચેતન, સ્વ. જિતેન્દ્ર, ભાવનાબેન વ્રજલાલ પઢિયારના પિતા, ગં.સ્વ. નિતાબેન જિતેન્દ્ર રાઠોડ (ભુજ), વ્રજલાલ સામજીભાઈ પઢિયાર (અંજાર)ના સસરા, ઓમના દાદા, રોનકના નાના તા. ૨૫-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા (બેસણું) તા. ૨૮-૩ના શુક્રવારે સાંજે ૪થી ૫ નિવાસસ્થાન કુંભારિયા ખાતે.

**ભુજ :** વડનગરા નાગર ડો. મનસુખલાલ અંતાણી (ઉ.વ. ૯૪) સ્વ. જયંતકુમારી હરિલાલભાઈ અંતાણીના પુત્ર, સ્વ. દેવમણિબેનના પતિ, સ્વ. સુમિત્રાબેન વૃજલાલભાઈ ધોળકિયાના જમાઈ, અસ્મિતા, વર્ષા, વિનયના પિતા, સ્વ. ત્રિલોચનભાઈ વૈષ્ણવ, પંકજભાઈ વૈષ્ણવ (એડવોકેટ), અલ્પાબેનના સસરા તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૩ના સાંજે ૫:૩૦થી ૬:૩૦ હાટકેશ કોમ્પલેક્સ, છઠ્ઠીબારી, ભુજ ખાતે.

**માધાપર (તા. ભુજ) :** મૂળ મીંદિયાણાના હાલે ગુઆ (ઝારખંડ) આચાર્ય જયાબેન શંભુલાલ (ઉ.વ. ૮૫) તે જીવરામ રાસ્તે (સમાઘોઘા)ના પુત્રી, સ્વ. કેશવલાલ, સ્વ. દયારામ, વસંતભાઈના બહેન, તરૂણ, સ્વ. અશોક, રોહિત, ગીતાના માતા, કવિતા, ગં.સ્વ. અરૂણા, રચના, રમેશ કાનડેના સાસુ, સ્વ. મુક્તા નરોત્તમ, ગં.સ્વ. અનસૂયા, હીરાલાલ, વર્ષા વસંતના ભાભી, રેખા જયેશ, ભાવિકા મહેશ, રીતિકા દીપક, છાયા વિજય, સેજલ સમીર, પરી, શ્રેયાના મોટીમા, ભૂમિ, કેવલ, ઈશા, દેવના દાદી, હર્ષ, બીનલના નાની તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૩ના શુક્રવારે સાજે ૪થી ૫ સેવક સમાજવાડી, માધાપર ખાતે.

**માધાપર (તા. ભુજ) :** લક્ષ્મીબા મીઠુભા ઉર્ફે લાધાજી સોઢા (ઉ.વ. ૯૬) તે સ્વ. મીઠુભા વેલાજી સોઢાના પત્ની, મુરૂભા, સ્વ. પ્રતાપસિંહ, હીરાબાના માતા, દિલીપસિંહ શિવુભા જાડેજાના નાની, ઝાલુભા, અજિતસિંહ, સતુભાના મોટીમા તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૮-૩ના શુક્રવારે નિવાસસ્થાન માધાપર ખાતે.

**માધાપર (તા. ભુજ) :** લક્ષ્મીબા મીઠુભા ઉર્ફે લાધાજી સોઢા (ઉ.વ. ૯૬) તે સ્વ. મીઠુભા વેલાજી સોઢાના પત્ની, મુળૂભા, સ્વ. પ્રતાપસિંહ, હીરાબાના માતા, મહેન્દ્રસિંહના દાદી, દિલીપસિંહ શિવુભા જાડેજાના નાની તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨૮-૩ના સાંજે ૫થી ૬ ગાયત્રી મંદિરની બાજુમાં, સોરઠિયા સમાજવાડી, માધાપર ખાતે.

**માનકૂવા (તા. ભુજ) :** ચાકી હુશેન અલીમામદ (ઉ.વ. ૮૫) તે સુલેમાન ચાકી (બાપાડો)ના પિતા, ચાકી જાકબ (માનકૂવા), ચાકી કાસમ (ઝરપરા)ના મોટા ભાઈ, હાજી શરીફ (મુંબઈ), જુસબ (કોટડા - રોહા)ના કાકાઈ ભાઈ, ચાકી ઓસમાણ (હાજી) (દુર્ગાપુર)ના સસરા, જુમાભાઈ, ઈબ્રાહિમ, રમજુ ચાકીના મોટાબાપા તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૯-૩ના શનિવારે સવારે ૧૦થી ૧૧ ખડિયા વિસ્તાર, માનકૂવા ખાતે.

**ભારાપર (તા. ભુજ) :** રાયમા હાજિયાણી અમીનાબાઈ હાજી સુલેમાન (ઉ.વ. ૯૦) તે મ. હાજી સુલેમાન આદમ (નલિયાવાળા)ના પત્ની, ઈસ્માઈલ, હાજી મહમદહુશેન, અબ્દુલસતારના માતા, મ. સાલેમામદ વેલા (અંજાર), અલીમામદ કાસમ (નેત્રા)ના બહેન, મ. રાયમા ઉમર વિરમ (કોડાય), રાયમા અબ્દુલતીફ અધ્રેમાન (ભોધુભા - મુંબઈ)ના સાસુ, ઈકબાલ હમીદ, શબ્બીર હુશેન, સાજીદ હુશેનના દાદી. વસીમ, નજમલ, ઈરશાદ, સિકંદરના નાની તા. ૨૬-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૯-૩ના શનિવારે સવારે ૧૦થી ૧૧ રાયમા સમાજવાડી, રેહા રોડ, ભારાપર (ભુજ) ખાતે.

**રતિયા (તા. ભુજ) :** ભોરીયા અલાના ફકીરમામદ (પૂર્વ સોલીસ સ્ટેશન) (ઉ.વ. ૬૫) તે જુસબ ફકીરમામદના ભાઈ, ઈબ્રાહિમ (ડોક્ટર), સોહેલ (ભાભા), ફૈઝલ, ફારૂકના પિતા, શેખ એજાઝના સસરા તા. ૨૭-૩ના અવસાન પામ્યા છે. તાજિયાત તા. ૨૭, ૨૮, ૨૯ (ત્રણ દિવસ) નિવાસસ્થાને કમિટી હોલ, રતિયા ખાતે.

**ડુમરા :** ભરત પ્રેમજી કારાણી (ઉ.વ. ૫૯) તે સોનબાઈ મુલજી માણેકના પૌત્ર, મણિબેન પ્રેમજી કારાણીના પુત્ર, ઈશાના પિતા, ધ્રુવિન વિજય ગોસર (ડુમરા)ના સસરા, ઉદય, પ્રકાશ, પ્રજ્ઞાના ભાઈ, નયનાબેનના દિયર, શિલ્પાબેનના જેઠ, નવીન પ્રેમજી નાગડા (નરેડી)ના સાળા, હીરજી મુલજી કારાણી (ડુમરા હાલે માંડવી), શાંતાબેન નેમચંદ મેઘજી ગાલા (રાયણ)ના ભત્રીજા, ભક્તિ, વિધિ, સ્તુતિ, કેદાર, માનસીના કાકા, મેઘન, સોનિયા, નિકેનના મામા, નિહારના મામાઈ સસરા, પાનબાઈ નેણશી નરશી (સાભરાઈ)ના દોહિત્ર, લક્ષ્મીચંદ નેણશી, કસ્તૂરબેન બુદ્ધિચંદ (કોટડી - મહા.), વિમળાબેન મણિલાલ (વિંઢ), નિર્મળા શરદ મારૂ (ચિયાસર)ના ભાણેજ, ઉષાબેન વિજય ભાઈલાલ ગોસર (ડુમરા)ના વેવાઈ તા. ૨૧-૩ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી. સંપર્ક : ઉદય કારાણી - ૯૮૨૫૩ ૩૨૦૭૮, પ્રકાશ કારાણી - ૯૮૭૦૭ ૦૫૨૬૯, ઈશા - ૮૨૮૨૮ ૮૮૭૮૭.

**તેરા (તા. અબડાસા) :** ખત્રી હાજી દાઉદ મુસા (ઉ.વ. ૮૬) તે મ. સુલેમાન (ભુજ), હાજી અબુબકર, અબ્દુલ ગફુર, જેનબબેન ઈલીયાસ (ભુજ)ના ભાઈ, મ. હાજી અદ્રેમાન, ખેરૂનબાઈ અબ્દુલલતીફ (ભુજ), ખુસિયતબાનુ અ.શકુર (ભુજ), બિલકિસબાનુ અનવર (ભુજ), ફિરોજાબાનુ હનીફ (અંજાર)ના પિતા, તોશીફના દાદા તા. ૨૭-૩ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૯-૩ના શનિવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ ખત્રી જમાતખાના, તેરા ખાતે ખાતે.

# કચ્છ ટુર ઓપરેટર એસોસિએશનની થયેલ નવી રચના






## જિલ્લા મથક ભુજ અને ગાંધીધામમાં વિવિધ સેન્ટર માટે વિશેષ વિમાનની સેવાઓ ચાલુ કરવા રજૂઆત કરાશે

આદિપુર : આદિપુર જિલ્લાના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધા સાથે સંકળાયેલ વિવિધ કામના ટ્રાવેલ્સ ઓપરેટર્સનો સંગઠન ઓપરેટર્સ એસો ઓફ કચ્છ છેલ્લા સાત વર્ષથી કાર્યરત છે.

આ સંસ્થાની એક જનરલ મીટીંગ તાજેતરમાં ભુજ મધ્યે મળેલ હતી જેમાં સંગઠનના નવા હોદ્દેદારો કારોબારીની નવી રચના કરવાનો સરવાનુ મતે નક્કી થતાં આગામી વર્ષે ૨૦૨૫થી ૨૦૧૭ માટે નવી રચના કરવામાં આવેલ હતી.

સંગઠનના નવા પ્રમુખ પદે હિતેશ જે. મોરબીયા (ટ્રાવેલ્સ ભુજ), ઉપપ્રમુખ -ભાવિન તન્ના (તન્ના ટુર ટ્રાવેલ ભુજ), મંત્રી ચિરાગ ઠક્કર (ભવાની સર્વિસીસ આદિપુર), ખજાનચી જાવેદ ખોજા (મેટ્રોસ ભુજ) તેમજ પાંચ કારોબારી સભ્યો વિમલ શાહ ભુજ, ઉમંગ ઠક્કર -ગાંધીધામ, ધવલ અડાલજા -આદિપુર, રાજેશ શેખવા -ભુજ, સુમન ભીમાણી ભુજ ની વર્ણી થયેલ હતી નિયુક્ત પ્રમુખ હિતેશ મોરબી અને મંત્રી એક મુલાકાતમાં જણાવેલ કે આ સંગઠનના માધ્યમથી ગાંધીધામ ભોજના એરપોર્ટમાં પેસેન્જર માટે સુવિધાઓ વધારવાની સાથે અન્ય મેટ્રો શહેરમાં જવા આવવા માટેની વિમાની સેવાઓ ચાલુ કરાવવા માટેના સંપૂર્ણ પ્રયાસો હાથ ધરાશે તેમજ ટુર્સ ઓપરેટર્સને મૂંઝવણ પ્રશ્નો જીએસટી સેમિનાર વગેરે કાર્યક્રમોનું આયોજન આગામી સમયે હાથ ધરવામાં આવશે.

# ઉનાળાનું સ્વાગત કરવા તૈયાર છે સરહદ ડેરી



**વધુ બે આઇસ્ક્રીમ પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવી હતી**

અંજાર : કચ્છ જિલ્લાની પશુપાલકોના ગૌરવ સમાન સૌથી મોટી સહકારી સંસ્થા "સરહદ ડેરી" દ્વારા દૂધ સંઘના ચાંદરાણી સ્થિત આઈસ્ક્રીમ પ્લાન્ટ ખાતે નવી પ્રોડક્ટ Amul Frostik, Amul Badshahi Kulfi આઈસક્રીમનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે જેનું લોંચિંગ અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન અને સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રોડક્ટના લોંચિંગ બાબતે સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલે જણાવ્યુ હતું કે સરહદ ડેરી દ્વારા આજ રોજ બે નવી વેરાયટી આઈસ્ક્રીમ પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવી હતી. જેમાં Amul Frostik જે ૭૦ mlના પેકમાં ૩૫ રૂપિયા તથા Amul Badshahi Kulfi જે ૬૦ mlના પેકમાં ૨૫ રૂપિયા માં આવતી કાલ થી તમામ અમૂલ પાર્લર પર મળતી થઈ જશે જેનો ફાયદો અમૂલના ચાહકો લઈ શકશે. આ સાથે સરહદ ડેરીના આઈસ્ક્રીમ પ્લાન્ટમાં અમૂલ આઈસ્ક્રીમના ઠંડા સ્વાદોની મીઠી સફર સાથે ટોટલ ૫૦ જેટલી આઈસ્ક્રીમની પ્રોડક્ટ બની રહી છે.આ બે પ્રોડક્ટ સાથે અમૂલ ના આઈસ્ક્રીમની ટોટલ ૫૦ પ્રોડક્ટની અર્ધસતક પૂર્ણ કરેલ છે. જે કચ્છના પશુપાલકો માટે ગૌરવની વાત છે. આ લોંચિંગ પ્રસંગે સરહદ ડેરી જનરલ મેનેજર નિરવભાઈ ગુસાઈ તેમજ આઈસક્રીમ પ્લાન્ટ તથા દૂધ પ્લાન્ટના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# પતંજલિ યોગ સમિતિ દ્વારા એક દિવસીય શિબિર યોજાઈ



અંજાર : પતંજલિ યોગ સમિતિ દ્વારા રાજા કાપડી દાદા બાલમંદિરના બાળકો માટે યોગ પ્રાણાયામ સંસ્કારની એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું બાળકોને પવારનું ઉચ્ચારણ કરાવ્યું હતું સાથે સંસ્કાર જેવાકે માબાપને પગે લાગવાનું ધરતીમાંતાને વંદન કરવાનું ભોજન વખતે ભગવાનનું નામ લઈ પછી ભોજન કરવાનું ભોજનને પ્રસાદ સમજી જૂઠું ન રાખવાનું સૂતી વખતે ઈશ્વરની પ્રાર્થના કરી સુવાનું ઘર સ્કૂલમા સાફ સફાઈ કરવી જેવા સંસ્કારો શીખવ્યા હતા બાળકોના વાલીઓ માટે ગિલોય તેમજ તેના ઉપયોગ પમ્પલેટ આહાર એજ ઔષધ બુક વિગેરેનું વિતરણ કરવામા આવ્યું હતું અંતમા બાળકોને પતંજલિ ના બિસ્કિટ પ્રસાદી રૂપે આપવામાં આવ્યા હતા. બાલમંદિરના શિક્ષિકા વૈશાલીબેન સોરઠીયા સહયોગ આપ્યો હતો હવેથી દરમહિને બાલમંદિરના બાળકોને પતંજલિ આરોગ્ય કેન્દ્ર તરફથી બાળકો ને નિઃશુલ્ક સ્વર્ણપાશનના ટીપા પીવડાવાની જાહેરાત કરી હતી. પતંજલિ યોગ સમિતિ કચ્છના ઉપપ્રમુખ ડી સી ઠકકર યોગ અને સંસ્કાર શીખવ્યા હતા.

# કચ્છ નોંધ

**શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ -મુંબઈ**

● શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ મુંબઈ દ્વારા રવિવાર તા.૩૦/૩/૨૦૨૫ના સાંજે ૭ થી ૯ કલાકે રઘુવંશી લોહાણા સમાજના ઈષ્ટદેવ પ.પુ.દરિયાલાલ દેવની જન્મ જયંતિ (પુ.ઝુલેલાલ) ઉત્સવનું આયોજન યુટોપિયા એન.કે.ટી. સભાગૃહ, ટિળકનગર ચેંબુર મુંબઈ ખાતે યોજેલ છે.આ કાર્યક્રમમાં પુજા-અર્ચના-આરતી બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે રઘુવંશી પરિવારોએ પુજા અર્ચના અને મહાપ્રસાદનો લાભ લેવો.

**રમજાન ઈદ નમાઝ**

● મસ્જિદ એ સિકંદર સુલેમાન ખત્રી, સારાહબાગ, વાત્સલ્ય ગર્લ્સ સ્કૂલ પાછળ- ભુજ ખાતે સવારે ૮વાગ્યે મૌલાના શબ્બીર તુરીયા રમજાન ઈદ નમાઝ પઢાવશે.

**કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા**

● વિવિધ વિષયના કાવ્ય પઠન બેઠક તા.૨૯-૩ના સાંજે ૫.૩૦ વાગે નરસિંહ મંદિર, નવા સ્વામી નારાયણ મંદિર સામે, ભુજ ખાતે.

**હરિ સુમિરન પ્રાર્થના મંદિર**

● કોડકી રોડ સ્થિત હરી સુમિરન પ્રાર્થના મંદિર ખાતે તા.૨૯/૩ને શનિવારે રાત્રે ૮ થી ૧૦ સ્વામિનારાયણ સત્સંગ સભાનું આયોજન, મહાપ્રસાદ સાથે. વધુ માહિતી માટે રત્નાકરભાઈ જોશીનો સંપર્ક કરવો.

# રત્નકણિકા

**સંસાર ક્ષણિક છે તો સંસારસુખ ક્યાંથી સ્થાયી હોય ?- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. આવા-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ વદ-૧૪ પંચક, મુ. શબેકદ્ર-જમાતુલ વિદા તા.૨૮ માર્ચ ૨૦૨૫, શુક્રવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૨૭, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૪૯, સૂ.અ.૭:૦૪

આજનો દિવસ અશુભ છે.આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૪:૪૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** - વ્યવસાયિક કાર્યોમાં લાભ થાય. મકાન, વાહન જેવી વસ્તુની ખરીદી થાય.

**વૃષભ** - કૌટુંબિક જીવનમાં આનંદ રહે. આવકમાં વધારો થાય.

**મિથુન** - મનમાં મૂંઝવણ અનુભવાય. અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે.

**કર્ક** - મનમાં ચિંતા રહે. વિલંબથી કાર્યમાં સફળતા મળે.

**સિંહ** - બઢતીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે નવું આયોજન થાય.

**કન્યા** - મિત્ર વર્ગથી વિશ્વાસઘાત ન થાય તે માટે સાવધ રહેવું. નાણાંકીય ખર્ચનો પ્રસંગ બને.

**તુલા** - ગૃહસ્થી જીવનમાં આનંદ રહે. પ્રવાસ-મુસાફરીના યોગ છે.

**વૃશ્ચિક** - આળસ ન કરવી હિતાવહ. લાભની તક સરી ન જાય તે જોવું.

**ધન** - જીવનસાથીથી સ્નેહ રહે. આકસ્મીક મુસાફરી થાય.

**મકર** - જીવનસાથીના સહકારથી સમસ્યાનો ઉકેલ મળે. ખર્ચના પ્રસંગમાં વધારો થાય.

**કુંભ** - સંતાનથી લાભ થાય. માંગલિક કાર્યમાં સફળતા મળે.

**મીન** - નાણાંકીય વ્યવહારોમાં સંભાળવું. નોકરી-ધંધામાં મતભેદ સર્જાય.

# આદિપુર પોલીસમાં મેડિકલ કેમ્પ યોજાયો







ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીનું સ્વાસ્થ જળવાઈ રહે તે માટે એસપી દ્વારા મેડિકલ કેમ્પ યોજવા સૂચના આપવામાં આવી હતી.

જે અંતર્ગત અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં કેમ્પ યોજાઈ રહ્યા છે ત્યારે આદિપુર પોલીસમાં ધનવંતરી આરોગ્ય રથની મેડિકલ ટીમ દ્વારા પોલીસ કર્મચારીઓનું ચેકઅપ કરવામાં આવ્યું હતું.

લોહીના રિપોર્ટ, ડાયાબિટીસ, બ્લડપ્રેસર, ગ્લુકોઝ વગેરેનું ચેકઅપ કરી માર્ગદર્શન અપાયું હતું.

# ભુજ ખાતે પીસી પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ



ભુજ : ચેરપર્સન રેખાબેન દવેના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભુજ ખાતે જિલ્લાકક્ષાની પીસી પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં રજિસ્ટ્રેશનની માટે આવેલી નવી અરજીઓ તથા રીન્યુલ માટે આવેલી અરજીઓને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં પીસી પીએનડીટી અંગે કાયદાકીય સમજ માટે લોકોમાં જાગૃતિ આવે તે માટેના કાર્યક્રમો યોજવા, સમૂહલગ્નમાં પ્રતિજ્ઞા સંદેશ મોકલવા, મહિલા કોલેજમાં જનજાગૃતિ અંગે કાર્યક્રમો યોજવા, બેટી વધાવો અંતર્ગત ૧ થી વધુ દીકરીઓના વાલીઓનું સન્માન કરવું, ફેમેલી પ્લાનીંગ કાર્યક્રમો યોજવા જેવી બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મિતેશ ભંડેરી, પીસી પીએનડીટી એડવાઈઝરી કમિટીના સભ્ય કાન્તાબેન સોલંકી અને પન્નાબેન જોષી, જી.કે.જનરલ હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ ડૉ.પ્રફુલાબેન કોટક, પીડીયાટ્રીશિયન ડૉ. મીત કણસાગરા ઉપસ્થિત રહ્યા હતા.

# આયુષ્ય મર્યાદિત છે, પોતાના યોગક્ષેમ પર ધ્યાન આપે માનવ : આચાર્યશ્રી મહાશ્રમણજી




રાપર : સમુદ્ર કિનારે વસેલો ગુજરાતનો કચ્છ જિલ્લો, જે ક્યારેક કુદરતી આપત્તિનો સાક્ષી રહ્યો છે, પરંતુ વર્તમાનમાં કચ્છ જિલ્લો જૈન શ્વેતાંબર તેરાપંથ ધર્મસંઘના એકાદશમ અધિશાસ્તા, ભગવાન મહાવીરનાં પ્રતિનિધિ, અહિંસા યાત્રાના પ્રણેતા આચાર્યશ્રી મહાશ્રમણજીનાં વિહાર પ્રવાસનો સાક્ષી બની રહ્યો છે. મહિના કરતાં વધુ સમયથી આ શાંતિદૂતના શ્રીમુખથી નિસૃત અમૃતવાણીથી કચ્છ જિલ્લો ધન્ય બની રહ્યો છે. આવું સૌભાગ્ય મોટાં મહાનગરો કે શહેરો માટે હોય છે, પણ જિલ્લાઓ માટે અતિ દુર્લભ છે. આચાર્યશ્રીની પવિત્ર ઉપસ્થિતિમાં કચ્છ જિલ્લામાં અનેક સંઘીય કાર્યક્રમો પણ યોજાયા છે અને આ જિલ્લો ગુજરાતના પ્રથમ મર્યાદા મહોત્સવનો સાક્ષી પણ બન્યો.

ગુરુવારની પ્રભાતવેળાએ યુગપ્રધાન આચાર્યશ્રી મહાશ્રમણજી ત્રંબોથી મંગલ પ્રસ્થાન કર્યુ હતુ. આકાશમાં સૂર્ય અને ધરતી પર તેરાપંથ ધર્મસંઘના મહાસૂર્ય ગતિશીલ હતા. એક જગતના અંધકારનું હરણ કરવા માટે ઉદયમાન હતા, તો બીજાં માનવમનના તાપ દૂર કરવા માટે ગતિમાન હતા. માર્ગમાં અનેક લોકોએ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આચાર્યશ્રી રાપર તરફ ગતિમાન થયા. લગભગ ૧૧ કિમીના વિહાર બાદ આચાર્યશ્રી રાપર પહોંચ્યા, જ્યાં રાપરવાસીઓએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. અનેક સ્થળોએ દર્શન-આશીર્વાદ આપતા આચાર્યશ્રી વર્ધમાન જૈન શ્રાવક સંઘ આરાધના ભવન પહોંચ્યા હતા. અહીં આચાર્યશ્રીનું આ બીજીવારનું આગમન છે. અગાઉ ૨૦૧૩ની સાલમાં મહાવીર જયંતિ પણ અહીં ઉજવાઈ હતી.

વર્ધમાન સમવસરણમાં આયોજિત મંગલ પ્રવચન દરમિયાન આચાર્યશ્રી મહાશ્રમણજી એ ઉપસ્થિત શ્રોતાઓને પાવન પ્રબોધ આપતાં કહ્યું હતું કે શાસ્ત્રકારો કહે છે કે "આયુષ્ય મર્યાદિત છે, તો માનવ પોતાનાં યોગક્ષેમ પર ધ્યાન કેમ નથી આપતો ? " દરેક પ્રાણીનું જીવન એક દિવસ સમાપ્ત થાય છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવો પણ સદાય નથી રહેતા. ભગવાન મહાવીરનું આયુષ્ય માત્ર ૭૨ વર્ષનું હતું. આજકાલ લોકો શતાયુ પણ થતા નથી, છતાં માનવ નિર્દોષતાથી બેસી રહે છે અને પોતાના આગામી જન્મ કે સુગતિ માટે વિચારતો નથી. આ સિદ્ધાંત પુનર્જન્મ સાથે સંકળાયેલો છે.જીવ આત્મા જ્યા સુધી મોક્ષ પ્રાપ્ત ન કરે, સતત ચોર્યાસી લાખ યોનિઓમાં ભટકતો રહે છે. કષાય અને મોહનિય કર્મના કારણે પુનર્જન્મ થાય છે. શાસ્ત્રો મુજબ, "માનવે શુભ અને સારા કર્મ કરવા જોઈએ, અનિષ્ટ કાર્યોનો ત્યાગ કરવો જોઈએ. જો ખોટાં કર્મ ન કરાય તો પ્રસ્તુત જીવન પણ સુખમય બની શકે."આચાર્યશ્રીએ કચ્છી પૂજ ડાલગણીજીના જીવન અને તેમની કચ્છ યાત્રાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે "માનવે પોતાના યોગક્ષેમ માટે પ્રયત્ન કરવો જોઈએ અને આત્મકલ્યાણ માટે જાગૃત રહેવું જોઈએ." આચાર્યશ્રીએ કચ્છ યાત્રાના સમાપન અને રાપર આગમનની મહત્ત્વતા વિશે પણ પ્રવચન આપ્યું હતું. સાધ્વીપ્રમુખાશ્રી વિશ્રુતવિભાજીએ પણ રાપરવાસીઓને શુભાશીર્વાદ આપ્યા હતા.આચાયશ્રીના આગમન પ્રસંગે રાપર તેરાપંથ મહિલા મંડળે સ્વાગતગીત ગાયું હતું. લબ્ધિ અને મિલી મહેતાએ તેમની સુંદર રજૂઆત આપી હતી. "બેટી તેરાપંથની" સમિતિના સભ્યોએ પણ સ્વાગત ગીત ગાયું હતુ. તેરાપંથ સંઘના પ્રમુખ રમણીકભાઈ ખંડોને પોતાના ભાવોની અભિવ્યક્તિ આપી હતી.પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતા ઉપસ્થિત રહ્યાં હતા. આચાર્યશ્રીએ સૌને મંગલ આશીર્વાદ આપ્યા હતા. આચાર્યશ્રી સાથે વિચરણ કરી રહેલા અનેક સાધુ સાધ્વી તથા સમણી ભગવંતોની ધવલ સેનાની સાથે મર્યાદા મહોત્સવ વ્યવસ્થા સમિતિના કન્વીનર કે.કે. સંઘવી તેમજ ભુજના માર્ગદર્શનમાં તેરાપંથ સંઘ, યુવક પરિષદ, મહિલા મંડળ તથા અણુવ્રત સમિતિના સદસ્યો વિગેરે સેવા અને વ્યવસ્થા સંભાળી રહ્યા છે. સમસ્ત જૈન સમાજનો અનુકરણીય સહયોગ સાંપડી રહ્યો છે. સમસ્ત જૈન મંડળોની સ્વૈછિક સેવા પણ અનુકરણીય છે. આચાર્યશ્રી મહાશ્રમણજીનો આજે અને આવતી કાલનો પ્રવાસ વાગડના મુખ્ય શહેર રાપર મધ્યે તથા ૩૦/૩૧ માર્ચનો પ્રવાસ ફતેહગઢ મધ્યે રહેશે તેવું એક યાદીમાં આચાર્યશ્રી મહાશ્રમણ મર્યાદા મહોત્સવ પ્રવાસ વ્યવસ્થા સમિતિના મહેશ પ્રભુલાલ મહેતાએ જણાવ્યું હતું.

# એમ.ડી. બીએડ કોલેજની છાત્રાઓ વૈશ્વિક કક્ષાએ ઝળકી




ભુજ : હાર્ટફૂલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ, રામચંદ્ર મિશન અને ધ કોમન વેલ્થના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગ્લોબલ હાર્ટફૂલનેસ નિબંધ સ્પર્ધા-૨૦૨૪માં એમ. ડી. કોલેજ ઓફ એજ્યુકેશન, હરિપરની બે છાત્રાઓ વૈશ્વિક કક્ષાએ ઝળકી હતી. ગુજરાતી ભાષામાં ૧૯ થી ૨૫ વર્ષના વયજૂથમાં મલેક મુસ્કાન ઈકબાલભાઈએ વિશ્વ કક્ષાએ ત્રીજો અને મહેશ્વરી વંદના ગોવિંદભાઈએ વિશ્વ કક્ષાએ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. નિબંધનું વિષયવસ્તુ એલિઝાબેથ એડવર્ડ્સના સુવાક્ય "સ્થિતિસ્થાપકતા એટલે તમારી નવી વાસ્તવિકતાને સ્વીકારવી, ભલે તે તમારી પહેલાંની વાસ્તવિકતા કરતાં ઓછી સારી હોય." પર આધારિત હતું. કોલેજના આચાર્ય ડૉ. હિમાંશુ પટેલે બંને છાત્રાઓને અભિનંદન પાઠવ્યા હતા. સંસ્થાના ચેરમેન, સેક્રેટરી, ડાયરેક્ટર, ટ્રસ્ટીગણ તેમજ તમામ કર્મચારીગણે વૈશ્વિક કક્ષાએ અસામાન્ય પ્રદર્શન કરનાર બંને છાત્રાઓને બિરદાવી હતી. હાર્ટફૂલનેસ ભુજ વતી માનસીબેન કરીયા, રીતિકાબેન કરીયા અને રૂપલબેન રાઠોડે પણ બંને છાત્રાઓને અભિનંદન પાઠવ્યા હતા. આગામી દિવસોમાં યોજાનાર કોલેજના દીક્ષાંત સમારોહમાં હાર્ટફૂલનેસ ભુજ દ્વારા બંને છાત્રાઓને પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવશે.

# ભચાઉ પોલીસના લોકરક્ષક ફરજમાં ગેરહાજર રહેતા ફરિયાદ નોંધાઈ

ભચાઉ : અહીંના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હથિયારી લોકરક્ષક મૂળ પાટણના દુધારામપુરા ગામના રશ્મીનકુમાર રતુભાઈ ચૌધરી છેલ્લા ત્રણ મહિનાથી ભચાઉ પોલીસ સ્ટેશનમાં હાજર થયા નથી. કોઈ પણ વ્યાજબી કારણ વગર ગેરહાજર રહેતા પોલીસ દ્વારા અવાર-નવાર નોટિસો પાઠવવામાં આવી હતી. તેમ છતાં ફરજ પર હાજર થયા નથી. ફરજમાં બેદરકારી દાખવી હોવાથી ગુજરાત પોલીસ અધિનિયમની કલમ તળે ભચાઉના પીઆઈ એસ. ડી. સીસોદિયાએ ફરિયાદ નોંધાવી હતી.

# લાયજાના પેટ્રોલ પંપ ઠગાઈ પ્રકરણમાં ફરિયાદીના સાળાની પણ સંડોવણી ખુલી

માંડવી : તાલુકાના મોટા લાયજા ખાતે આવેલા પેટ્રોલ પંપના ૭૧.૯૩ લાખ રોકડા અને એક કરોડ રૂપિયા ક્રેડિટ બારોબાર ચાંઉ કરી જવાના પ્રકરણમાં ફરિયાદ થયા બાદ એલસીબીએ મેનેજર મહમદ હબીબ આમદ ચૌહાણની ધરપકડ કરી હતી. જેની પુછપરછમાં પેટ્રોલ પંપના માલિક મનહરસિંહ વનરાજસિંહ જાડેજાના સાળા મૂળ ભાવનગર હાલે મોટા લાયજાના અશ્વિનસિંહ લગ્ધીરસિંહ ગોહિલની સંડોવણી હોવાનું સામે આવતા તેની પણ ધરપકડ કરાઈ છે. હાલ માંડવી પોલીસ દ્વારા બન્નેની પુછપરછ કરી રૂપિયા ક્યાં વાપર્યા તે સહિતના મુદ્દે તપાસ શરૂ કરવામાં આવી છે.

# લાંચ કેસમાં સામુહિક આરોગ્ય કેન્દ્રના લેબ ટેકનીશીયનનો નિર્દોષ છુટકારો

ભુજ : ૨૦૧૮ના લાંચ કેસમાં ખાવડા સામુહિક આરોગ્ય કેન્દ્રના લેબ ટેકનિશીયનને કોર્ટે નિર્દોષ જાહેર કરી છોડી મુકવામાં આવ્યા હતા. આ કેસની વિગત મુજબ ખાવડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા લેબ ટેકનિશીયન મહમદરીયાઝ મહમદીશા આલમ પાસેથી લોહી વગેરેની ચકાસણી માટે ગેરકાયદેસર લાંચની માંગણી કરી લાંચ લે છે અને ત્યાર બાદ રીપોર્ટ કરી આપે છે તેવી હકીકત ભુજ એસીબી ઈન્સ્પેક્ટર એમ. ડી. ઝાલાને મળતા તેઓએ એક ડીકોયર ઉમર મામદ રહીમને બોલાવી ડીકોયર ટ્રેપ ગોઠવી હતી. ટ્રેપમાં લેબ ટેકનિશીયન લોહીની તપાસણી માટે રૂ. ૫૦ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. ડીકોયર પાસેથી ૫૦ રૂપિયાની લાંચની રકમ પંચની હાજરીમાં સ્વીકારેલી અને ત્યાર બાદ એસીબીની ટીમે આ કર્મચારીને પકડી પાડી ફરિયાદ દાખલ કરી હતી. ચર્જશીટ રજૂ કરવામાં આવી હતી. જે કેસ ભુજના સેશન્સ જજ એ.એલ. વ્યાસની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષ તેમજ આરોપી પક્ષની દલીલો સાંભળી, આરોપી સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આરોપીને કોર્ટે નિર્દોષ ઠેરવી છોડી મુકવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આરોપી તરફે વકીલ તરીકે ભુજના એડવોકેટ હેમસિંહ ચૌધરી તેમજ દિપક ઉકાણી, કુલદીપ મહેતા, ગણેશદાન ગઢવી, જીગ્નેશ લખતરીયા, દેવરાજ ગઢવી, હેતલ દવે, નરેશ ચૌધરી તેમજ પ્રશાંત રાજપૂત હાજર રહીને દલીલો કરી હતી.

## આખરે સૈયદપરમાં વિવાદાસ્પદ બાંધકામ અટકાવાયું



ભુજ તાલુકાના સૈયદપર ગામે ભૂમાફિયા દ્વારા ગામની ગૌચર, તળાવ સીમ અને રાજમાર્ગની જમીન પર પેસકદમી કરી બાંધકામ થઈ રહ્યું હોવાની રજૂઆત ગ્રામજનો દ્વારા વહીવટી તંત્રને કરવામાં આવ્યા બાદ પણ બાંધકામ ચાલુ રહેતા મુસ્લિમ યુવા કોર કમિટીના સહકન્વીનર મહમદલાખાને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ સ્થાનિકોએ સ્થળ પર ધરણા કર્યા હતા. આ ઘટનાક્રમ બાદ પ્રશાસન એકશન મોડમાં આવ્યું હતું અને અધિકારીઓએ તલાટીને સ્થળ પર મોકલાવી ચાલુ કામગીરી બંધ કરાવી હતી. સંઘર્ષનો સુખદ અંત આવતા ગ્રામજનોએ શ્રી લાખાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કામગીરીમાં ઈબ્રાહિમ હાલેપોત્રા, ઈકબાલ જત, હિતેશ મહેશ્વરી વગેરે મદદરૂપ થયા હતા.

# ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાવાની સુવર્ણ તક

## ૧૦ એપ્રિલ સુધીમાં ઓનલાઈન અરજી કરવી

ભુજ : ભારતીય સેનામાં અગ્નિવીર તરીકે જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે જામનગર આર્મી ભરતી કાર્યાલય દ્વારા અગ્નિવીર ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં અગ્નિવીર જનરલ ડ્યુટી, અગ્નિવીર ટેક્નિકલ, ક્લાર્ક - સ્ટોર કીપર, ટ્રેડસમેન કેટેગરીમાં અરજી કરવા માટે અપરણિત પુરૂષ ઉમેદવારોની જન્મ તારીખ ૧/૧૦/૨૦૦૪ થી ૧/૦૪/૨૦૦૮ હોવી જરૂરી છે. પરીક્ષા ફી રૂ.૨૫૦ છે અને ઓનલાઈન અરજી કરવા માટેની છેલ્લી તા.૧૦/૪ છે.

# ભુજમાં મુકબધીર સગીરા સાથે દુષ્કર્મ કરનારને ઝડપી લેવાયો

ભુજ : શહેરમાં મુકબધીર સગીરા સાથે દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો. જેમાં આરોપીની ધરપકડ કરાઈ છે. આ બાબતે મળતી વિગતો મુજબ ભોગ બનનાર ૧૬ વર્ષિય સગીરાને પેટમાં દુઃખાવો થતા જી.કે.માં લઈ જવાઈ હતી. જ્યાં તે ગર્ભવતી હોવાનું ધ્યાને આવતા પરિવારે ઈસારાથી પુછપરછ કરતા હકીકત જણાવી હતી. આરોપી કાનજી શિવજી સોલંકીએ સગીરા સાથે બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર બે મહિના અગાઉ ભુજિયા તળેટી બાજુ કચરો ફેંકવા ગઈ ત્યારે આરોપીએ પકડી બળજબરી પૂર્વક દુષ્કર્મ ગુજાર્યુ હતું જે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ થયા બાદ પોલીસે આરોપીને ઝડપી કોર્ટના હુકમથી પાલારા જેલ હવાલે કરી દીધો છે.

# પશ્ચિમ કચ્છમાં વ્યાજખોરી બાબતે પોલીસને જાણ કરવા ઈજન

ભુજ : પશ્ચિમ કચ્છ જિલ્લામાં પોલીસ દ્વારા વ્યાજખોરી નાબૂદી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે કોઈ વ્યક્તિને વ્યાજખોરો હેરાન કરતા હોય, ધાક-ધમકી આપતા હોય તેમને પોલીસને જાણ કરવા અનુરોધ કરાયો છે. ગેરકાયદે વ્યાજવટાવનો ધંધો કરતા લોકોની પણ માહિતી આપી શકાશે. પોલીસ કંટ્રોલ રૂમ નં. (૦૨૮૩૨) ૨૫૦૯૬૦ અથવા એલસીબીના નંબર ૨૫૮૦૨૯ પર જાણ કરી શકાશે અથવા એલસીબી કચેરીમાં રૂબરૂ જઈ રજૂઆત કરી શકાશે તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

# માનવસેવા-જીવદયા કાર્યો સાથે જીગરભાઇ છેડાનો જન્મદિન ઉજવાયો



ભુજ : કવીઓ જૈન મહાજન ભુજ તથા સર્વ સેવા સંઘ ભુજનાં અધ્યક્ષ જીગરભાઈ તારાચંદ છેડાએ પોતાનો જન્મદિવસ માનવસેવા-જીવદયા કાર્યો સાથે ઉજવ્યો હતો.

માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છનાં માનસિક દિવ્યાંગોને મિષ્ટાન-ફરસાણ સાથેનું ભોજન જમાડવામાં આવેલ હતો તેમજ જીવદયા કાર્ય રુપે કુંડા-ચકલીઘર વિતરણ કરી પોતાનો જન્મદિન ઉજવ્યો હતો.

# તડીપારના હુકમનો ભંગ થતા ગાંધીધામના શખ્સ સામે ફોજદારી



ગાંધીધામ : મૂળ રાપર તાલુકાના રાસાજીગઢડા ગામના અને હાલે ગાંધીધામના કાર્ગો આઝાદ નગરમાં રહેતા ભોજાભાઈ મગાભાઈ ભટ્ટીને ભચાઉ પ્રાંત અધિકારી દ્વારા કચ્છ, બનાસકાંઠા, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો હતો. તડીપારના નિયમનો ભંગ કરી તે ગાંધીધામમાં આવી જતા બી-ડિવિઝન પોલીસ તેને પકડી ગુનો દાખલ કર્યો હતો.

# રાજ્યકક્ષાના કલા મહાકુંભ કથકમાં 'નૃત્યનાદ'ની સિદ્ધિ





ભુજ : તા ૧૭ થી ૨૦ માર્ચ દરમ્યાન ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના કલામહાકુંભની વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું, જેમાં કથ્થક શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધા (૧૫ થી ૨૦વય જૂથ)માં ભુજના 'નૃત્યનાદ ધ ડાન્સ સ્ટુડિયો' ની તાલીમાર્થી કન્હાઈ યોગેશ ગોર તૃતીય સ્થાને વિજેતા બન્યા છે. નૃત્યનાદના સંચાલક કથક કલા ગુરુ યેશાબેન વત્સલભાઈ ઠક્કરે કન્હાઈને તાલીમ આપી હતી. ભુજ મધ્યે નૃત્યનાદ ધ ડાન્સ સ્ટુડિયો છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત છે અને એમ. એસ. યુનિવર્સિટીના પર્ફોર્મિંગ આર્ટસ ના કથક ક્ષેત્રમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર અને હાલમાં કથક ક્ષેત્રે પીએચ. ડી. કરી રહેલા યેશાબેન ઠક્કર અહીં દીકરીઓને શાસ્ત્રીય નૃત્ય કથકમાં પારંગત કરી રહ્યા છે. અહીંની તાલીમાર્થીઓ યેશાબેનના માર્ગદર્શન હેઠળ અનેક ઈવેન્ટમાં ભાગ લઈ ભુજનું નામ રોશન કરી રહી છે. રાજ્યસ્તરે વિજેતા થઈ કનહાઈએ કચ્છનું ગૌરવ વધાર્યુ છે. યેશાબેને કન્હાઈની આ સિદ્ધિને વધાવી હતી. ગુરુ શિષ્યા ને ઠેર ઠેર થી અભિનંદન પ્રાપ્ત થઈ રહ્યા છે.

# ભુજમાં હોમગાર્ડઝ પ્રીમિયર લીગ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન

ભુજ : પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડઝના ઉપક્રમે હોમગાર્ડઝ પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ નું આયોજન કરાયું છે. પશ્ચિમ કચ્છ હોમગાર્ડઝ કમાન્ડન્ટ મનીષ બારોટના માર્ગદર્શન હેઠળ તા.૩૦/૩ થી ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે ડીસી કપનો પ્રારંભ થશે. પશ્ચિમ કચ્છ હોમગાર્ડ કમાન્ડન્ટ પદે મનીષ બારોટની વરણી બાદ હોમગાર્ડ રમત - ગમત ક્ષેત્રે કાર્યશીલ થયા છે. તાજેતરમાં મહિલા દિન મહિલા હોમગાર્ડના સન્માનની ખાસ સરકાર ખાસ નોંધ લીધી હતી. આ ટુર્નામેન્ટમાં પશ્ચિમ કચ્છ ભુજ, પાનધ્રો, દયાપર, નલિયા, નખત્રાણા, મુન્દ્રા, માંડવી, કેરા અને કુકમા યુનિટના હોમગાર્ડઝ જવાનોની ટીમો ભાગ લેશે.


## ચૌધરી સમાજનું ગૌરવ



**કુ. ઐશ્વર્યા હેમસિંહ ચૌધરી (એડવોકેટ)**
મદદનીશ સરકારી વકીલ ગુજરાત હાઇકોર્ટ

આપશ્રીની ગુજરાત હાઇકોર્ટના મદદનીશ સરકારી વકીલ તરીકે નિમણૂંક થતા આપશ્રીએ સમાજનું ગૌરવ વધાર્યુ તે બદલ ગૌરવની લાગણી સહ અભિનંદન. તેમજ આપ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરો તેવા આશીર્વાદ સહ શુભેચ્છા...

:: શુભેચ્છક ::
વિશ્રામભાઈ ચૌધરી : પ્રમુખશ્રી, અખિલ કચ્છ ચૌધરી સમાજ (ઓધવ એન્ટરપ્રાઇઝ, અર્બુદા સિકયોરીટીઝ)
ડો.વિષ્ણુભાઈ ચૌધરી : મહામંત્રીશ્રી, અખિલ કચ્છ ચૌધરી સમાજ)
ડો.ગૌતમભાઈ ચૌધરી : ખજાનચીશ્રી, અખિલ કચ્છ ચૌધરી સમાજ)



## -:: જાહેર નોટીસ :-

**મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ ૧૩, ૧૭૯ મુજબની નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે પ્રાગપર પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં એમ.વી.એકટ ૨૦૭ મુજબ ડીટેઈન કરવામાં આવેલ કુલ-૨૩ વાહનોના ચાલક/માલીક ત્રણ નોટીસ બજવણીથી વાહન છોડાવી જવા જાણ કરવામાં આવેલ તેમજ વીમા કંપનીને જાણ કરવા છતા વાહન ચાલક / માલીક પોતાના વાહનો છોડાવવા આવેલ ન હોય.

જેથી ઉપરોકત કુલ-૨૩ વાહનના ચાલક /માલીક પોતાનું વાહન દિન-૦૫ છોડાવી જવા આથી જાણ કરવામાં આવે છે. જો નિયત સમય મર્યાદામાં પોતાનું વાહન છોડાવા નહી આવે તો કાયદાની જોગવાઈ મુજબ તે વાહનોની જાહેર હરાજી કરવામાં આવશે જેથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. /૦૩/૨૦૨૫

(વિકાસ સુંડા)
પોલીસ અધિક્ષક
પશ્ચિમ કચ્છ,ભુજ

(નામાનિ-કચ્છ-૧૩૬૭-૨૦૨૪/૨૫)



ચાલો મિરજાપર (તા.ભુજ) | ॥ શ્રી ગણેશાય નમઃ ॥ | ચાલો મિરજાપર (તા.ભુજ)

હાર્દિક આમંત્રણમ્

## પ.પૂ.પીરશ્રી પિથોરાજી દાદાનો વાર્ષિક મહોત્સવ

એવમ્ શ્રી હરસિદ્ધિ માતાજી, શ્રી સચ્ચિયાય માતાજી, શ્રી અંબાજી માતાજી એવમ્ આઈશ્રી દેવલ માં, શ્રી બુટ ભવાની માતાજીની ત્રિદિવસીય નૂતન મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ


શ્રી હરસિદ્ધિ માતાજી


પીરશ્રી પિથોરાજી દાદા


શ્રી સચ્ચિયાય માતાજી

-:: વિશેષ ઉપસ્થિતિ ::-



શ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રી મહંતશ્રી ગોરખનાથજી મહારાજ મહાધિશ મઠખ્યાલા-જેસલમેર, રાજસ્થાન એવમ્ મઠ રતોકોટ-સિંધ થરપારકર વિશેષ ઉપસ્થિત રહી શુભાશિષ તેમજ ઉપદેશ આપશે
તા. ૩૧/૩/૨૦૨૫, સોમવારે, સવારે ૧૦.૦૦ કલાકે

### પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સુવર્ણ અવસરો

| પાવનકારી પ્રથમ દિવસ : સવંત ૨૦૮૧ ફાગણ વદ અમાસને શનિવાર તા. ૨૯/૩/૨૦૨૫ના શુભદિને | મંગલકારી દ્વિતિય દિવસ : સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ ૧ને રવિવાર તા. ૩૦/૩/૨૦૨૫ના શુભદિને |
|---|---|
| સવારે ૮:૩૦ કલાકે : ગણપતિ પૂજન, પુણ્યાહ વાચન, માતૃકાપૂજન, નાન્દિશ્રાધ્ધ, વિપ્રવરણ, મંડપ પૂજન, પ્રદક્ષિણીવત્, મંડપ પ્રવેશ, ઈત્યાદી બપોરે ૩:૩૦ કલાકે : સ્થાપિત દેવોનું પૂજન, દેવી રાજોપચાર પૂજન, યાત્રાસાદન પ્રયોગ, આરતી, થાળ, પ્રસાદ, ઈત્યાદિ | સવારે ૮:૩૦ કલાકે : સ્થાપિત દેવોની પ્રાતઃ પૂજા, કુટીરહોમ, જલયાત્રા, નગરયાત્રા સવારે ૯:૩૦ કલાકે, જલયાત્રા, જલાધિવાસ, અન્નાધિવાસ, શયનાધિવાસ ઈત્યાદિ બપોરે ૩:૩૦ કલાકે : અગ્નિ સ્થાપન, સ્થાપિત દેવોનું હવન, મૂર્તિસ્નયન, મૂર્તિન્યાસ, અંજનશલાકયા, નિદ્રા આવાહન મૂર્તિઓનું શૈયાધિવાસ, આરતી ઈત્યાદિ |

રાસ ગરબા : તા.૩૦/૩/૨૦૨૫, રવિવાર, સાંજે ૬:૦૦ થી ૯:૦૦ કલાકે
કલાકાર : વિજયસિંહ ચાવડા-ગંગોણ, દેવીદાન ગઢવી-સોનલનગર, સોઢા કિશોરસિંહ ભુરૂભા-નરાનગર

તારણકારી તૃતિય દિવસ : સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ ૨ ને સોમવાર તા. ૩૧/૩/૨૦૨૫ ના શુભદિને
સવારે ૮:૩૦ કલાકે : સ્થાપિત દેવોની પ્રાતઃ પૂજા, શાન્તિક પૌષ્ટિક આહુતીઓ, મૂર્તિ પ્રતિષ્ઠા, કળશપ્રતિષ્ઠા, ધ્વજા આરોહણ, મૂર્તિ સ્થિરીકરણ, મૂર્તિપૂજા, વસ્ત્રાભિધાન ઈત્યાદિ

પીરશ્રીઓ / સંતશ્રીઓનું સામૈયું સવારે ૧૦:૦૦ કલાકે | પીરશ્રીઓ / સંતશ્રીઓના આર્શીવચન સવારે ૧૧:૦૦ કલાકે

બપોરે ૧૨:૪૦ કલાકે : શ્રીફળ હોમ, મહાઆરતી, મહાથાળ, પુર્ણાહુતિ

વાર્ષિક મહોત્સવના સુવર્ણ અવસરો : વિ.સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ ૨ ને સોમવાર તા. ૩૧-૦૩-૨૦૨૫ના શુભદિને

| | | | |
|---|---|---|---|
| આરતી સવારે ૬:૩૦ કલાકે | હોમ હવન વિધિ સવારે ૯:૧૫ કલાકે | ધ્વજારોહણ સવારે ૧૧:૦૦ કલાકે | પ્રસાદ બપોરે ૧૨:૦૦ કલાકે |
| મહેમાનશ્રીઓનું સ્વાગત સાંજે ૭:૩૦ કલાકે | સંધ્યા આરતી રાત્રે ૮:૦૦ કલાકે | મહાપ્રસાદ રાત્રે ૮:૧૫ કલાકે | તલવાર રાસ રાત્રે ૮:૩૦ કલાકે (વેકરા મંડળી) |

ચબૂતરાનો ખાતમુહૂર્ત : તા. ૩૧/૦૩/૨૦૨૫, સોમવાર, સવારે ૧૧:૧૫ કલાકે
પ.પૂ.પીરશ્રીઓ તથા સંતોશ્રીઓના વરદ હસ્તે

ભવ્ય સંતવાણી તા. : ૩૧/૦૩/૨૦૨૫ સોમવાર રાત્રે ૧૦ કલાકે
• શ્રી નિરંજન પંડયા (ભજનીક) • શ્રી જીતુગીરી ગોસ્વામી (ભજનીક) • શ્રી સમરથસિંહ સોઢા (ભજનીક)
• શ્રી મોરારદાન ગઢવી (લોક સાહિત્યકાર) • સાજીંદા તથા શ્યામ સાઉન્ડના સથવારે

-:: મહાયજ્ઞના આર્ચાયશ્રીઓ ::-
મુખ્ય આચાર્ય : શ્રી ગિરીશભાઈ શિવજીભાઈ જોષી (રવાપરવાળા) • સહ આચાર્ય : શ્રી જીજ્ઞેશભાઈ જી. જોષી (ભુજવાળા)

-:: નિમંત્રક ::-
શ્રી પિથોરાપીર મંદિર ટ્રસ્ટ । શ્રી પિથોરાપીર મેળા સમિતિ
શ્રી પિથોરાધામ, મિરઝાપર હાઈવે, ભુજ-કચ્છ. મો. ૯૮૭૯૯ ૩૫૦૯૧



## પોલીસ ગાફેલ ન રહે: લઠ્ઠાકાંડ પહેલા લાલઆંખ કરે.!

# – તો ગાંધીધામ સંકુલમાંથી પણ ડુપ્લીકેટ કફ–શિરપના નામે નશાની બાટલીના મોટા બેનામી ધંધાનો થાય પર્દાફાશ

### અંજારના ભીમાસરમાંથી પોલીસે શંકાસ્પદ હર્બલ શિરપનો જથ્થો પકડતી વેળાએ ગર્ભિત ઈશારો

**ખાટલે મોટી ખોટ :** અંજારમાંથી પકડાયેલ **શિરપ તો પારોસની પહેલી પુણી** કહેવાય! : જે શખ્સો દબોચાયા છે તેમની કડક રીમાન્ડ લઈ પુછતાછ કરવામાં આવશે તો આયોજનબદ્ધ રીતે નકલી સિરપ–નશાની બાટલીઓના વ્યાપક બની ગયેલા સટ્ટાનો ખુલાસો થશે : જીવરાજ–બાબુ તો માત્ર સાપોલીયા છે, સીરપના નામે નશાની બાટલીઓના વેંચાણ કરનારા મગરમચ્છોને પકડો? : અંજારનો ભીમાસર વિસ્તારમાંથી આર્યુવૈદિક હર્ષલ બોટલ ઝડપી પાડી છે. ત્યારે **આ શિરપનો જથ્થો કયા ટ્રાન્સપોર્ટ મારફતે લાવવામાં** આવ્ય હતો? તે ઉપરાંત **જીએસટી ભરાઈ છે કે નહી?** ભરી હોય તો કેવી રીતે ભરી છે?કારણ કે માલની ડીલીવરી કરવામાં આવે ત્યારે ઓનલાઈન જ જીએસટી ભરી દેવામા આવતી હોય છે.તો અહી **વેપારીએ જીએસટી કેવી રીતે ભરી છે?** બેચનંબનરની સાથે જ જીએસટી ભરવામાં આવતી હોય છે તો **કયા બેચ નંબર સાથે આ આવેલા શિરપના જથ્થાની જીએસટી ભરાઈ? આટલો બધો મોટો જથ્થો આવ્યો છે કયાંથી?**

**પોલીસ જાગે, લઠ્ઠાકાંડ થશે તો કઈકના તપેલા ચડી જશે ?**

## ફુડ એન્ડ ડ્રગ્સવિભાગ કેમ અંધારામાં?

**ફુડ એન્ડ ડ્રગ્સવિભાગના જવાબદારો માત્ર મલાઈઓ જ ઓળવવામાં વ્યસ્ત છે કે કેમ? તેઓને કેમ આવા બેનંબરી ધંધાઓ પર તવાઈ બોલાવવાની ફુરસદ મળતી નથી?**

ગાંધીધામ : કચ્છમાં આર્યુવેદીક અથવા તો હર્બલ ટોનીક યા તોપછી એનર્જી ડ્રીંકના નામે નશાની બાટલીઓના વેંચાણની ઘટનાઓ સમયાંતરે બહાર આવતી જ રહે છે. પરંતુ અહી ચોકાવનારી વાત એ સામે આવી રહી છે કે, આવા મોટા ભાગના કિસ્સાઓ પરથી પોલીસ જ પદાર્ફાશ કરી રહી છે. કફ શિરપ સહિતની ડુપ્લીકેટ ચીજવસ્તુઓ મેડકીલ સહિતના સ્ટોર્સ પર ઉપલબ્ધ રહેતી હોવા ઉપરાંત પણ કચ્છનું ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ છે કે, તેને આવા બેનંબરી ધંધાઓ તથા લોકોના આરોગ્ય સાથે થઈ રહેલા ખુલ્લેઆમ ચેડા અટકાવવાની કોઈ જ ફુરસદ ન હોય તેમ સમ ખાવા પુરતી પણ કાર્યવાહી આ વિભાગ દ્વારા થઈ હોવાનુ કયાંય સત્તાવાર બહાર આવવા પામતુ નથી. આવુ શા માટે?

## ગાંધીધામમાં કેટલાક મેડીકલ સ્ટોર્સ પર બેખોફ વેંચાણ

**અંજારના ભીમસર પટ્ટામાથી હર્બલ શંકાસ્પદ સિરપ પકડાઈ છે પરંતુ ઔદ્યોગીક નગરી ગાંધીધામના કેટલાક મેડીકલ સ્ટોર્સમાં આવી નશાનીબાટલીઓ આર્યુવેદિક શીરપના નામે આજે પણ બેરોકટોક મળી રહેતી હોવાની ચર્ચા : શું પૉલીસતંત્ર આવા મેડીકલ સ્ટોર્સવાળાઓ બાબતે અજાણ છે કે પછી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને મોઢામાં આપી દેવાયા છે ડુચ્ચાં.! : આવા અમુક મેડીકલ સ્ટોર્સ પર ડુપ્લીકેટ શિરપના વેપલા પર કોના ચાર હાથ?**

ગાંધીધામ : ગુજરાત સરકાર દારૂબંધીને લઈને કડક નિયમો બનાવી રહી છે અને તેની સજ્જડ અમલવારી કરાવી રહી છે, દેશીદારૂ પર પણ એસએમસી ત્રાટકી અને મોટભાગે રાજયમાં દારૂ પર ધોંષ જ બોલાવતી રહી છે. ત્યારે હવે નશાના કારોબારીઓ અને નશેડીઓ પણ નશો કરવાના નીતનવા પેંતરા શોધી લેતા હોય છે અને તેના જ ભાગરૂપે રાજયભરમાં પાછલા કેટલાક સમયથી આર્યુવૈદીક હર્બલ અથવા તો ડુપ્લીકેટ કફ શિરપના નામે મોટા પ્રમાણમાં નશાની બાટલીના નેટવર્ક ધમધમી ઉઠયા હતા અને તેના લીધે જ ગંભીર પ્રકારની ઝેરી કેફીપીણાકાંડની ઘટનાઓ પણ બની જવા પામી છે. હાલમાં અંજારમાથી આવી શંકાસ્પદ બાટલીઓ ઝડપવામાં આવી છે ત્યારે કહેવાય છે કે, આવી નશાની બાટલીઓ ગાંધીધામ-કડલા કોમ્પલેક્ષમાં મોટાપાયે અમુક મેડીકલ સ્ટોર્સ પર ધુમ વેંચાઈ જ રહી હોવાનું સંકુલમાં ચર્ચાવવા પામી રહ્યું છે. આ મામલે કહેવાય છે કે, શહેરમાં અમુક મેડીકલ સ્ટોર્સવાળા આવી જ ડુપ્લીકેટ શિરપના નામે નશાની બાટલીઓ બેખોફીથી વેંચી રહ્યા છે. આવા અમુક મેડીકલ સ્ટોર્સમાં જો આકસ્મીક તપાસ બોલાવાવમાં આવશે તો આવા કફ સિરપની બાટલીઓના વેપલાનો ખુલાસો થવા પામી શકે છે.

## કફશિરપના કાળા બજારીયાઓ પાંચ ઘણો વસુલે છે ભાવ

**૬૦ રૂ.ની કફ શિરપના બ્લેકમાં મળે છે ૨૦૦થી ૩૦૦ રૂપીયા..! : એટલે આખીય સિન્ડીકેટને ડુપ્લીકેટ કફશિરપનો વેપલો કરવો ગમે છે**

ગાંધીધામ : કફશિરપમાં અમુક ચોકકસ માત્રામાં જ આલ્કોહોલ ભેળવી શકાય છે અને તેની પણ અનેકરીતની મંજુરીઓ લેવાની હોય છે. તથા ૧૦ ટકાથી વધુ આલ્કોહોલવાળા કફશિરપ ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વિના વેંચી પણ નથી શકાતા. પરંતુ દારૂ મળવો મુશ્કેલ થાય એટલે આવી બાટલીઓની ડીમાન્ડ ખુબજ વધી જાય છે. કફ શિરપને નશાની આઈટમ તરીકે વેચનરાઓને કફ શિરપની ૬૦ રૂપીયાની બોટલના ૩૦૦ રૂપીયા સુધીના ભાવ નશેડીઓ આપવા તૈયાર થઈ જતા હોય છે. કારણ કે દારૂ અને ગાંજા બાદ કફ શિરપ નશો કરનારાઓની પસંદગી તથા દારૂના વિકલ્પ તરીકે પણ ખુબજ પ્રચલિત થઈ જવા પામી છે.

## ગાંધીધામ-મુંદરાના કયા શખ્સો આબુથી માલ મંગાવે છે?

**કઈ કઈ શિરપના નામે આવે છે નશાની બાટલીઓ? આબુરોડ-દાદરાનગર હવેલીથી કચ્છમાં ડુપ્લીકેટ શિરપનો લાંબા સમયથી થઈ રહ્યો છે ખડકલો!**

ગાંધીધામ : કહેવાય છે કે, ગાંધીધામના બે શખ્સો યુરીન આસો (આબુરોડની બનાવટ, જિ.સીહોંરી) ના લેબલથી મંગાવે છે તો વળી મુંદરાનો શખ્સ સ્ટોનારીષ્ટ, સટોનીલ, ઝેરીજેમ-સ્લીપવેલ સહિતના નામે દાદરાનગર હવેલીના સરનામેથી આ બધી જ નકલી સિરપનો કચ્છમાં ખડકલો કરી રહ્યા છે.

ગાંધીધામ : પૂર્વ કચ્છ એસઓજી દ્વારા તાજેતરમાં જ અંજાર વિસ્તારમાં દરોડો પાડી અને બે શખ્સોને દેબાચી લીધા અને તેમની પાસેથી શંકાસ્પદ આર્યુવેદીક ટોનીકના નામે વધુ પ્રમાણમાં આલ્કોહોલ ધરાવતા શંકાસ્પદ પીણાની ત્રણ હજારથી વધુ નશાકારક બાટલીઓનો જથ્થો પકડી પાડયો છે. આ કેસમાં તો કાર્યવાહી ચોકકસથી કરવામા આવશે, સેમ્પલ મોકલાશે, બે શખ્સો પકડાયા છે તેની પુછતાછ થશે, પોલીસ તેની પ્રક્રીયા અનુસારની કાર્યવાહી કરશે જ પરંતુ અહી જાણકારો દ્વારા કહેવાય છે કે, આર્યુવેદિક સિરપ, હર્બલ ટોનિક અને એનર્જી ડ્રીંકના નામે ગાંધીધામ સંકુલમાં ઠેર-ઠેર આવી નશાની બાટલીઓનું મોટા પ્રમાણમાં આડેધડ વેંચાણ કરવામા આવી રહ્યુ હોવાનુ મનાય છે. કયાંક પાનના ગલ્લા પર તો કયાંક મેડીકલ સ્ટોર્સ પર આવી નશાની બોટલો ધુમ વેંચાઈ રહી હોવાનુ કહેવાય છે. આલ્કોહોલની વધુ પડતી માત્રા વાળી આ નશાની ડુપ્લીકેટ સિરપનું સેવન કરનારાઓ પર જીવનું પણ જોખમ રહેલું છે. આવી સિરપનું વેંચાણ ચોકકસથી ગેરકાયદેસર જ છે, એટલે તેને વેળાસર જ અટકાવવું જોઈએ.

ગુજરાતમાં દારૂબંધીની કડક અને સજ્જડ અમલવારી તથા સ્ટેટ મોનીટરીંગ સેલમાં નિર્લીપ્ત રાય જેવા અધિકારીની નિયુક્તિ બાદ દેશીદારૂના અડ્ડાઓ બોલાવાયેલી ધોંષના પગલે ગુજરાતમાં નશા માટે દારૂના વિકલ્પ તરીકે આર્યુવેદિક કફ શિરપ, હર્બલ ટોનિકનું ચલણ ખુબ જ મોટા પ્રમાણમાં વધી ગયુ છે અને તેમાં બુટલેગરો સહિતનાઓ પણ જોડાઈ ગયા હોવાથી એક મોટુ નેટવર્ક નશાની બાટલીઓની રાજયના કઈક જિલ્લાઓમાં ધમધમી જ ઉઠયુ છે. હાલમાં અંજારમાંથી પણ આ નશાની બાટલીઓ પકડાઈ છે ત્યારે આ વાત સાચી ઠરતી જ દર્શાવવા પામી રહી છે. અંજાર ઉપરાંત વાત કરીએ કચ્છની તો અહી ગાંધીધામ-ભચાઉ-માંડવી-મુંદરા-ભુજ સહીતના વિસ્તારોમાંથી આવી ડુપ્લીકેટ શિરપના જથ્થાઓ છુટાછવાયા ચોકકસથી પકડાયા છે તો ખરા જ પરંતુ તેના મુળીયા ઉલેચાયા હોય તેવુ હજુ સુધી કયાંય સામે આવવા પામતુ નથી. પોલીસે હકીકતમાં જે કેસો કચ્છમાં કરેલા છે તેમાં તપાસ કરવાની જરૂર છે કે, ઝડપાયેલો જથ્થો અથવા તો તેની સાથે કોઈ શખ્સ પકડાયો હોય તો તેની ભૂમિકા ચકાસી અને આવા શખ્સો આ જથ્થા કયાથી લાવતા હતા? બનતો હતો કયાં? આવા કેટલી જગ્યાએ અન્યત્રઆવા મુદામાલ વેંચ્યા છે? ઉપરાંત ઝડપાયેલા શખ્સને પણ પુછવુ જોઈએ` તેના ખરીદદારો કોણ હતા?ઉપરાંત આ રીતે આધાર-પુરાવા વિનાનો મુદામાલ કચ્છમાં હેરફેર થતો હોય અને પોલીસ તેને પકડી શકે છે તો પછી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ આ બાબતે કેમ મૌન સેવીનું બેઠુ છે? અથવા તો પછી તેને કેમ આવા હેરફેરના કારનામાઓની ગંધ શુદ્ધા પણ આવતી નથી? અહી ચિંતાની વાત એ છે કે, આવી શિરપમાં આલ્કોહોલ જે ઉમેરાય છે તે સેલ્ફ જનરેટેડ હોય છે અને આ આલ્કોહોલની માત્રા વધારે થઈ જાય અને તેના સેવન કરનારાઓ આંખ મીચીને ઢીચી જાય તો અહી લઠ્ઠાકાંડની ઘટનાઓ પણ બનતા વાર નહી લાગે તે પણ પ્રશાસન અને પોલીસે સમજવાની જરૂર છે.

## નશાબંધી અને આબકારી વિભાગનો લ્યો ઉઘડો? એસ-એ વન લાયસન્સ લેવાયું હતુ ખરૂં? અંજારના કિસ્સામાં કરો તપાસ

ગાંધીધામ : નશા કારક વસ્તુઓ અને તેમાંય પણ આર્યુવેદીક દવાઓ અથવા તો સિરપ બનાવનારાઓ અને વેંચનારાઓ સહિતનાઓએ નશાબંધી અને આબકારી વિભાગની જરૂરી પરવાનગી, લાયસન્સ લેવા ફરજીયાત છે. આર્યુવેદિક દવાઓ બનાવનારા હોય તેઓએ પ્રોહીબીશન અને એકસાઈઝવિભાગથી એસ-એ ટુ લાયસનસ લેવુ ફરજીયાત તો વેચનારે એસ-એ વન લાયસન્સ લેવુ ફરજીયાત છે. હાલમાં તો ૩૧મી માર્ચ ૨૦૨૩થી નશાબંધી અને આબકારી ખાતાએ એસ એ ટુ લાયસન્સ કોઈના રીન્યુ કર્યા જ નથી કે ન તો કોઈને નવા ઈસ્યુ કર્યા છે. તો પછી આટલી બધી બાટલીઓ પકડાઈ છે તો એ બનતી કેવી રીતે હતી? વેંચાણ કરવામાં આવતી હતી કેવી રીતે? નશાબધી અને આબકારી વિભાગની ભૂમિકા પણ આ તબક્કેશંકાના દાયરામાં આવી જવા પામી રહી છે.

### આવી બાટલીઓ કચ્છમાં કેટલી ઠલવાઈ ગઈ?

## મિથેનોલ સાથે આઈસોપ્રોફેન (આઈપી) પ્યોર આલ્કોહોલ ભળતા બને છે ઝેરીપીણું

ગાંધીધામ : આર્યુવૈદીક બોટલોમાં સરકારી નિયમો અને ધારધારણો અનુસાર ૧૦ કે ૧૧ ટકા આલ્કોહોલ મિશ્રિત કરવાની છુટ છે અને તેમાં કોઈ જ લાયસન્સની જરૂરીયાત રહેતી નથી તેવુ રાજયના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશ્નર હેમંત રોશીયા ખુદ કહી ચૂકયા છે. પરંતુ આવી જ છટકબારીઓનો લાભ લઈ અને નશાનુ પ્રમાણ વધારવા માટે તેના બોગસ મેન્યુફેકચર મેથિનોલ કેમીકલની સાથોસાથ તેમાં આઈપી એટલે કે આઈસો પ્રોફેન નામનુ પ્યોર આલ્કોહોલ ઉમેરે છે જેનાથી નશાનુ પ્રમાણ વધી જાય છે અને તે પીણું ઝેરી પણ બની જાય છે. આવી બાટલલીઓ કચ્છમાં કેટલી ઠલવાઈ ગઈ છે? તે હકીતમાં તપાસ કરી અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ સહિતનાઓએ આગળ આવવુ જોઈએ.

## હર્બલ ટોનીકના નામે નશાની બાટલીઓનું અમુક પાનના ગલ્લાઓ પર પણ ધુમ વેંચાણ?

**ભુજ-મિરઝાપર-ગાંધીધામ સહિતના અમુક અગાઉ આવી સિરપની બાટલીઓને લઈને કાર્યવાહી પણ**

ગાંધીધામ : દારૂબંધીની કડક અમલવારીની સાઈડઈફેકટ કહી શકાય તેમ હર્બલ ટોનિકના નામે નશાની બાટલીઓનું ચલણ પણ વધી રહ્યું છે. આવામાં બુટલેગરો તથા અમુક મેડીકલ સ્ટોર પર તો આવી બાટલીઓ ખુલ્લેઆમ વેચાઈ જ રહી છે પરંતુ કેટલાક પાનના ગલ્લાઓ પણ તેના માટે હોટફેવરિટ જ બની ગયા છે. આર્યુવેદિક શિરપના નામે નશાનીબાટલીઓમાં તગડી કમાણી થતી હોવાથી પાનના ગલ્લાવાળાઓ પણ આ બાટલીઓ વેચવા આર્કષાઈ જ જતા હોય છે. પોલીસે આ બાબતે પણ કડકાઈથી કાર્યવાહી કરવી જ જોઈએ.

### મોટા ડેમો જયારે ભરાય નીરથી ત્યારે પણ મોટા ટાંકા તો પાણીથી ભરો

# નખત્રાણા તાલુકામાં નર્મદાના નીરના ૪ કોમ્પ્લેક્ષમાં અપુરતા પાણીની બૂમરાડ

**નખત્રાણા, મંજલ, વરમસેડા, ખોંભડી, કોમ્પ્લેક્ષમાંથી સમગ્ર તાલુકાને પાણી મળ છે સાથે ભુજના ગામોને પણ મળે છે પાણી : હાજીપીરના મેળામાં પાણીની જરૂર પડશે તો નરા ડેમ વાટે લવાશે : તાલુકાના મોટાભાગના ગામો પોતાના પર આત્મનિર્ભર : ગામે ગામ પાણીના બોર : અમુક ગામો અને પરામાં પાણીનો પોકાર ઉઠ્યો : વહિવટી તંત્રની ગુલાબી ચિત્ર રજુ**





નખત્રાણા : કચ્છને ફાળવાયેલા નર્મદાના પુરતા એક મિલિયન એકર ફીછટ પાણીને છેક નખત્રાણા, અબડાસા સરહદી વિસ્તારના ગામડામાં પહોંચાડીને નાના મોટા ૩૦ ઉપરાંતના ડેમો ભરવાની બાંગો પોકારી રહી છે, ત્યારે નખત્રાણા તાલુકાના ૪ ગામોમાં આવેલા સમગ્ર તાલુકાને અને ભુજના અમુક પરા ગામડાને પાણી પહોંચાડતા નર્મદાના ૪ કોમ્પ્લેક્ષમાં પુરતા પ્રમાણમાં નિયમિત પાણી પહોંચાડવામાં આવે તો તાલુકામાં પાણીનો પોકાર ન ઉઠે તેવું ખેડૂતો, વેપારી અને પ્રબુદ્ધ નાગરિકોએ કચ્છઉદય સાથે વાત કરતાં કહ્યું હતું. નર્મદાના નીરથી ડેમો તો જયારે ભરાય ત્યારે પણ હાલે તાલુકામાં આ મોટા ટાંકા તો પાણીથી છલોછલ ભરો. નખત્રાણા નજીક ચત્રભુજની આંટી પાસે આવેલો કોમ્પ્લેક્ષ ટાંકામાંથી ૨૨ ગામો અને ૧૧ પરાને ૩ એમએલડી નર્મદાનું પાણી મળે છે તેની જરૂરત છે. સાડા ચાર એમએલડી આ કોમ્પ્લેક્ષમાંથી મોટી વિરાણી, સુખપર, નાની વિરાણી, અરલ, દેવસર, જીંદાય, નાગલપર, ફુલાય, તલ, ભીમસર, હરીપર, આમીંયા, ડાડોર, ઝાલુ, ગોંધિયાર, ચંદનનગર, વાંઢો, અજીરાવાંઢ, છારી, લૈયારી, પૈયા, વેડહાર, ગેચડો સહિતના ગામો - વાંઢોની ૩૫ હજાર માનવ વસતી તથા ૪૫ હજાર પશુધનને પીવાનું પાણી મળે છે તેવું ફુલ ગુલાબી ચિત્ર પાણી પુરવઠા બોર્ડના કલાર્કે કચ્છ ઉદયના પ્રતિનિધિ દ્વારા પુછાયેલા પ્રશ્નોમાં રજુ કર્યો હતો. તો અમુક ગામના સરપંચો, અગ્રણીઓ, માલધારીઓ, બન્ની તથા ઉલટ ગામે પાણી ન મળવાની રાવ કરી હતી. આ વિસ્તારમાં પાણી અનિયમિત પહોંચતું હોવાની રાવ ઉઠી છે. મંજલ હાઈવે રોડ માધાપર તરફ જતા રસ્તા પર નર્મદાનું નીરનું કોમ્પ્લેક્ષ આવેલ છે. ૧૫ ગામો અને ૩ પરાને પાણી પહોંચતુ કરે છે તેમાં કલ્યાણપર, લાખાડી, લક્ષ્મીપર, તરા, મંજલ, યક્ષ, સાંયરા, અગીઆ મોટા, દેવપર, ધાવડા, વિથોણ, અધો, આણંદસર, મોરજર અને ૩ પરા આનંદનગર નવી મંજલ મણિપરને નર્મદાના દોઢ એમએલડી પુરવઠો મળે છે, ત્યાં ડિમાન્ડ છે. ૩ એમએલડીની ત્યાં માનવ વસતી ૨૪ હજાર છે અને ૧૭ હજાર પશુધન છે, ત્યાં અમુક ગ્રામ પંચાયતો પોતાના બોર પર આત્મ નિર્મર છે, ત્યાં અમુક ગામોમાં નિયમિત પાણી મળતું નથી તેવી રાવ ઉઠી છે. ખોંભડી કોમ્પ્લેક્ષમાંથી ૧૭ ગામો અને ૧૦ પરાને પાણી અપાય છે. દેશલપર (ગું), જીજાય, ખોંભડી, મુરૂ, મોરાય, નેત્રા, રસલિયા, ધામાય, ઢોરો, લુડબાય, ઉઠગડી, ૧૦ પરા, ભભરાવાંઢ, વજીરાવાંઢ, ધમાય સોઢા કેમ્પ, ભુજ તાલુકાના હાજીપીર, લુણા, ચાંદવાંઢ, નાના ભીટારા, બુરકલનો સમાવેશ થાય છે. આગામી હાજીપીરના મેળામાં પાણીની વધુ ખપત પડશે તો નરા ડેમ તથા બોર વાટે પાણી મળશે તેવું પાણી પુરવઠા તંત્રએ કહ્યું હતું. આ ગામોની વસતી બાર હજાર છે પશુધન ૩૭ હજાર છે. વરસમેડાથી ૧૨ ગામોને નર્મદાના પાંચ લાખ લિટર પાણી અપાય છે, જેમાં જીયાપર, મંગવાણા, જાડાય, વ્યાર, કુરબઈ, ભુજ તાલુકાના માધાપર, રોહ, સુમરી, ભોજરાજવાંઢ, દેવીસર, દનણા, મોરગર, વિજપાસરનો સમાવેશ થાય છે. ૧૧ હજાર માનવ વસતી, ૩૧ હજાર પશુધન છે. આ તમામ ગામોમાં પાણી પુરવઠાના કોમ્પ્લેક્ષમાં નર્મદાના નીર ઉપરાંત ૪૦થી ૪૫ બોર વાટે પણ પાણી અપાય છે. નખત્રાણા તાલુકામાં પાણી પુરવઠાના કામચોર અને ભ્રષ્ટ અધિકારી સામે પણ અનેક આક્ષેપો થઈ રહ્યા છે. તે તમામની સામે તપાસની માંગ ઉઠી છે. ઉપરાંત તાલુકામાં અને ગેરકાયદેસર નળ કનેકશન અપાય છે તે પાણીચોર પર તવાહીની માંગ ઉઠી છે. સંકલનમાં પણ જવાબદાર પાણી પુરવઠાના અધિકારી હાજર નથી રહેતા અને લોકોના ફોન પણ ઉઠાવતા નથી તેવી રાવ ઉઠી છે. પાણી પુરવઠા મંત્રી પાસે પણ રજૂઆત થઈ છે. તાલુકામાં હાલે પાણીનું ચિત્ર ધુધળુ દેખાઈ રહ્યું છે. ઉનાળામાં રાવ ઉઠશે તે નક્કી છે.

**જળસંકટની આફત**

## ચોપડવા બ્રીજ પાસે ૧૧ કેવીના થાંભલા પર કરંટ લાગતા પીજીવીસીએલના કર્મચારીનું મોત

### ધ્રબ અને અંજારમાં યુવાને ફાંસો ખાઈ લીધો

ભચાઉ : જિલ્લામાં અપમૃત્યુની ત્રણ ઘટના સામે આવી છે. જેમાં ચોપડવા બ્રીજ પાસે કરંટ લાગતા યુવાનનું મોત થયું હતું, જ્યારે ધ્રબ અને અંજારમાં યુવાને ફાંસો ખાઈ લીધો હતો. આ બાબતે મળતી વિગતો મુજબ ભચાઉ તાલુકાના ચોપડવા બ્રીજ પાસે નવકાર પ્લાયવુડ ૧૧ કેવીના થાંભલા પર ગઈકાલે સવારે ૯ વાગ્યાના અરસામાં બનાવ બન્યો હતો. મૂળ જુનાગઢના હાલે ભચાઉમાં રહેતા ૨૭ વર્ષિય સચિન પ્રતાપભાઈ સોલંકી ૧૧ કેવી થાંભલા પર જીઈબીની લાઈનમાં ચડી રીપેરીંગ કરતા હતા એ દરમિયાન કરંટ લાગતા પેટ અને સાથળના ભાગે દાઝી ગયા હતા. થાંભલા પરથી નીચે ઉતારી લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. જેને પગલે અરેરાટી ફેલાઈ ગઈ હતી. ભચાઉ પોલીસે એડી દાખલ કરી છે.

આ તરફ અંજારમાં જન્મોત્રી સોસાયટીમાં રહેતા ૩૨ વર્ષિય દશરથ કાનજી ખાંડેકાએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હતું. જે બાબતે અંજાર પોલીસમાં એડી દાખલ કરવામાં આવી છે, જ્યારે મુન્દ્રા તાલુકાના ધ્રબ સીમમાં આવેલી સાહી કોલોનીમાં રહેતા મૂળ બિહારના ૧૯ વર્ષિય રોશનકુમાર સહાનીએ લોખંડના એંગલમાં ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવી હતી. જેને પગલે પરીવારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.


ચાલો લુણંગધામ || જય લુણંગ દેવ || ચાલો લુણંગધામ

ધર્માચાર **શ્રી અખિલ કચ્છ ગણેશ સેવક સંઘ-લુણી** કરમ કે ઉજાર

**શ્રી ગણેશદેવનો મેળો અને પૂ. લુણંગદેવની યાત્રા**



: યાત્રા મેળો :
તા. ૩૧-૩-૨૦૨૫, ચૈત્ર સુદ ત્રીજ, સોમવાર
સ્થળ : લુણંગધામ, લુણી, તા. મુંદરા.

પૂ. દાદામા શ્રદ્ધા રાખતા સમસ્ત સમાજો, યાત્રાળુઓ અને દર્શનાર્થીઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પૂ. ધર્મગુરૂઓ અને પૂ. કરમવંગીયા પીર શ્રી નારાણદેવ લાલણના આશીર્વાદ સાથે...

**તા. ૩૧-૩-૨૦૨૫, સોમવાર, ચૈત્ર સુદ-૩**
- સવારના ૭.૦૦ કલાકે પૂ. દાદાની આરતી સાથે પ્રારંભ
- સવારના ૭.૩૦ કલાકે દર્શન અને યાત્રાની શરૂઆત
- સાંજે ૭.૧૫ કલાકે મહાઆરતી
- રાત્રે ૯.૦૦ કલાકે તેજસ્વી તારલા સન્માન
- રાત્રે ૧૦.૦૦ કલાકે દાતાશ્રીઓ તથા મહાનુભાવોનું સત્કાર સન્માન કાર્યક્રમ
- રાત્રે ૧૧.૦૦ જ્ઞાનકથન અને જ્ઞાન ચર્ચા

**તા. ૧-૪-૨૦૨૫, મંગળવાર, ચૈત્ર સુદ-૪**
- સવારે ૬ કલાકે સામૈયું
- સવારે ૬.૩૦ કલાકે ધજા આરોહણ અને કળશ સ્થાપના
- સવારે ૬.૩૦ કલાકે હિંડોળા દર્શન અને ભેટ અર્પણ અને ધાર્મિક વિધિ

આપના દર્શનાભિલાષી

કિશોરભાઈ ગાગંજીભાઈ પિંગોલ – પ્રમુખશ્રી | ખેતશીભાઈ એન. નંજાર – ખજાનચીશ્રી | ડો. લાલજીભાઈ વેરશીભાઈ ફફલ – મહામંત્રીશ્રી

સમસ્ત કારોબારી સભ્યો, હોદ્દેદારો અખિલ કચ્છ ગણેશ સેવક સાર્વજનિક ટ્રસ્ટ-લુણી (મુંદરા)